બૃહદ્ મુંબઈ પંચ પરમેષ્ઠિ પરિવારનું દર મહિને પ્રગટ થતું માસિક મુખપત્ર



# નવકારનો રણકાર



પ્રેરણા અને માર્ગદર્શન : નવકાર મંત્રના પરમ સાધક પૂ. શ્રી જયંતભાઈ 'રાહી'

આદ્ય તંત્રી : સ્વ. મુંજાલ બાબુભાઈ શાહ

તંત્રી : ચીમનલાલ એમ. શાહ, 'કલાધર'

માનાર્હ સંપાદકો : સોમચંદ વેલજી લોડાયા (આરિખાણા - મુલુન્ડ) ••• વાસંતી રમેશ સોની (વડાલા - ચિંચપોકલી)

વિ.સં. ૨૦૬૯ ••• ચૈત્ર ••• વર્ષ-૯ ••• અંક-૧૧ ••• સળંગ અંક-૧૦૭ ••• નિઃશૂલ્ક વિતરણ





## નવકારના અજવાળે

પૂ. પંન્યાસ શ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજ સાહેબ



શ્રી નવકારને મંત્રાધિરાજ-સર્વમંત્ર શિરોમણિ-કેમ કહ્યો? એનું એક કારણ એ પણ લાગે છે કે તેના સાતમા પદમાં કહ્યું છે કે **આ નમસ્કાર સર્વ પાપોનો-સર્વ પાપેચ્છાઓનો જ મૂળમાંથી નાશ કરી નાખે છે.**

અહીં પાપ અને પાપેચ્છાને જુદા કહેવા છે. પાપ એટલે પાપકર્મ; અને પાપેચ્છા એટલે પાપ કરવાનો અભિલાષ.

અન્ય મંત્રોના જપથી પાપકર્મોનો નાશ થઇ જાય પણ જો તે મંત્રો પાપ કરવાની ઇચ્છાને જ તેજાબ લગાડે નહિ તો વળી નવાં પાપકર્મોનો બંધ થયા જ કરે.

પરંતુ શ્રી નવકાર અને તેને સાક્ષાત્ કે પરંપરાએ સ્પર્શતા સર્વ મંત્રોમાં તો પાપ કરવાની ઇચ્છા ઉપર જ તેજાબ લગાડી દેવાની તાકાત પડી છે. **પાપકર્મોનેય તે ખતમ કરે; અને પાપેચ્છાને પણ સળગાવી દે.**

પાપ કરવાની ઇચ્છા જ ન જાગવી એ જ સૌથી મોટી સિદ્ધિ છે. કેમ કે પછી તો સહજ રીતે નિષ્પાપ જીવનની પ્રાપ્તિ થઇ જાય છે. **આમ થતાં સહજ રીતે મોક્ષમાર્ગની આરાધનાઓ જીવનમાં વેગ પકડે છે.**

ઇચ્છા એ જ દુઃખ, ઇચ્છા એ જ પાપ, પાપ કરવાની ઇચ્છા એ જ મહાપાપ. પાપકાર્યો જો ઉધઇઓ છે તો પાપેચ્છા એ ઉધઇઓની જન્મદાત્રી મહારાણી છે. એના વિનાશ વિના જન્મ, મરણના ફેરા ફીટે જ નહિ.

**ઇચ્છાનો નાશક નવકાર છે, માટે જ નવકાર સ્મરણ જ ઇચ્છા-રહિત સિદ્ધ ભગવંતોના સુખની ઝાંખી કરાવી શકે છે.**




### આ અંકના પ્રમુખ શુભ દાતા

મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા વર્તમાન અરિહંત પરમાત્મા શ્રી સીમંધરસ્વામીના મહિમાશીલ, મહાપ્રભાવક જિનમંદિરના દર્શનાર્થે... પધારો... પધારો... પધારો...

**શ્રી ચૈત્ય સીમંધરસ્વામી જિનપ્રાસાદ**

ચૈત્ય ટાવર, શિવદાસ ચાંપશી રોડ, મઝગાંવ, મુંબઇ-૪૦૦ ૦૧૦. ફોનઃ ૨૩૭૧૨૨૨૧

• પુણ્યયોગે નિમિત્ત પ્રકારે સ્વદ્રવ્યથી જિનાલયના નિર્માણ કર્તા •

શ્રીમતી ઝવેરબેન દલપતરાજ પુખરાજજી જૈન સમસ્ત મલ્લેશા પરિવાર

(ખીવાન્દી-રાજસ્થાન-દાદર)

સૌજન્ય : ચૈત્ય ફાઉન્ડેશન-મઝગાંવ, મુંબઇ-૪૦૦ ૦૧૦.

સંપર્ક સૂત્ર : મહેન્દ્ર જૈન મો. ૯૮૨૦૫૮૫૪૫૧ ✧ ચંદ્રેશ જૈન મો. ૯૮૧૯૫૬૬૪૪૧



# ઉત્સાહથી થનગનતા અને સેવાક્ષેત્રે અજોડ કામગીરી બજાવતા BMPPના સ્વયંસેવક મિત્રોને શત શત ધન્યવાદ !

છેલ્લા દોઢ દાયકા કરતાં પણ અધિક સમયથી **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ની રાહબરી હેઠળ **ચેમ્બુર, ઘાટકોપર, મુલુન્ડ** અને **પાયધુની**માં દર મહિને નિયમિત **નવકાર જાપ અનુષ્ઠાન**નું આયોજન થઇ રહ્યું છે. **શ્રી 'રાહી' સાહેબ**ના કરકમલ દ્વારા સ્થપાયેલ બૃહદ્ મુંબઇ પંચ પરમેષ્ઠી પરિવારના સભ્યો આ નવકાર જાપમાં ઉત્સાહપૂર્વક ભાગ લે છે. આ નવકાર જાપને શરૂઆતથી જ ચેમ્બુર તીર્થના ટ્રસ્ટી શ્રેષ્ઠિવર્ય **શ્રી કેશવજીભાઇ ઉંમરશીભાઇ છાડવા**નો પૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો છે. બીએમપીપીના પ્રથમ પ્રમુખ **શ્રી હરીશભાઇ ગગુભાઇ છાડવા**નો પણ આ સમ્યક્ કાર્યમાં શરૂઆતથી જ સહકાર મળતો રહ્યો છે. ચેમ્બુર નવકાર જાપ કેન્દ્રના અગ્રણીઓ સર્વશ્રી **હરીશભાઇ છાડવા, નરેન્દ્રભાઇ સંગોઇ, અરવિંદભાઇ નાગડા** વગેરેનો, ઘાટકોપર નવકાર જાપ કેન્દ્રના અગ્રણીઓ **ચંદ્રકાંતભાઇ દામજી શાહ, શાંતિભાઇ શાહ, ખુશાલભાઇ કોરાણી** વગેરેનો, મુલુન્ડ નવકાર જાપ કેન્દ્રના અગ્રણીઓ **દીપચંદભાઇ દોશી, સ્વ. ચંદ્રકાંતભાઇ કેરિયાવાળા, જવાહરભાઇ કોરડીયા** વગેરેનો અને શ્રી નમિનાથ જિનાલય (પાયધુની)ના નવકાર જાપ કેન્દ્રના અગ્રણીઓ **રસિકભાઇ કોઠારી, સ્વ. સુબોધભાઇ ઝવેરી, પ્રવીણભાઇ શાહ** વગેરેનો ઉષ્માભર્યો સાથ-સહકાર મળતો રહ્યો છે. આ ઉપરાંત બીએમપીપીના વર્તમાન ચેરમેન **દલપતભાઇ મલ્લેશા,** ઉપપ્રમુખો **સોમચંદભાઇ લોડાયા, નરેન્દ્રભાઇ સંગોઇ,** માનદ્મંત્રીઓ **ચીમનલાલ કલાધર, હિતેનભાઇ છેડા,** સહમંત્રીઓ **ધનરાજભાઇ સંગોઇ, સુનીલભાઇ વોરા,** કન્વિનરો **સુરેશભાઇ ગોગરી, ચંદ્રેશભાઇ જૈન, ભરતભાઇ શાહ** તેમજ બીએમપીપીના ટ્રસ્ટીગણ અને સર્વ કારોબારી સમિતિના સભ્યોનો આ સત્કાર્યમાં સુંદર સહકાર મળતો રહ્યો છે. **'નવકારનો રણકાર'**ના તંત્રી **ચીમનલાલ કલાધર,** સંપાદકો **સોમચંદભાઇ લોડાયા, વાસંતીબેન સોની**નો આ માસિકપત્ર દ્વારા નવકારના પ્રસાર-પ્રચારમાં અપ્રતિમ સાથ મળી રહ્યો છે. **શ્રી 'રાહી' સાહેબ**ની પ્રેરણાથી સ્થપાયેલ પંચ પરમેષ્ઠી મહિલા મંડળોનો પણ આ કાર્યમાં ખૂબ જ ઉમદા સહયોગ મળી રહ્યો છે. બૃહદ્ મુંબઇ પંચ પરમેષ્ઠી પરિવાર-મહિલા વિભાગના આદ્યસ્થાપક-પ્રમુખ **સુશીલાબેન 'રાહી'** તેમજ **ઝવેરબેન મલ્લેશા, દીનાબેન છેડા,હસ્તિબેન દેઢિયા, દીપાબેન ગોગરી, મુક્તાબેન છેડા, ભદ્રાબેન છેડા** વગેરેનું આ સમ્યક્ પ્રવૃત્તિઓમાં મોટું યોગદાન મળી રહ્યું છે. નવકાર મંત્રને સદા સદૈવ વરેલી **બીએમપીપીના યુવાનોની વિંગ-સ્વયંસેવકો**નો પણ દાદરના યોગી સભાગૃહમાં, શાહપુરના માનસ મંદિરમ્ તીર્થમાં,ઘાટકોપરના પોલિસ પરેડ ગ્રાઉન્ડમાં, થાણાના ટીપટોપ પ્લાઝા વગેરે સ્થળોએ યોજાયેલ **શ્રી 'રાહી' સાહેબ**ના નવકાર મહા જાપમાં સુંદર વ્યવસ્થા જાળવવામાં અપ્રતિમ સહયોગ મળતો રહ્યો છે. આ ઉપરાંત અનેક નામી-અનામી કાર્યકરોનો આપણા આ સમ્યક્ કાર્યમાં સાથ-સહકાર મળતો રહ્યો છે. શ્રી હિતેનભાઇ છેડાની રાહબરી હેઠળ કાર્યરત બીએમપીપીનું **અજોડ સ્વયંસેવક ગ્રુપ** સેવાક્ષેત્રે આજે ખૂબ જ સુંદર કામગીરી બજાવી રહ્યું છે. **પૂ. શ્રી 'રાહી' સાહેબ**ની પણ ભાવના છે કે બીએમપીપીનું આ યુવા ગ્રુપ સમાજ અને શાસનની સેવા કરવામાં કદાપિ પાછી પાની નહિ કરે અને સેવાક્ષેત્રના અનેક શિખરો તેમની ઉત્કૃષ્ટ કામગીરીથી સર કરશે તેવી તેમને ખાત્રી છે. અને તેઓ શ્રદ્ધાપૂર્વક કહે છે કે બીએમપીપીનો યુવાન નવકાર મંત્રનો આરાધક છે અને તેથી તેની સેવાક્ષેત્રની કામગીરી નવકાર મંત્રના પ્રસાર-પ્રચારમાં પણ એટલી જ ઉપયોગી બની રહેશે. તાજેતરમાં **ધી મુંબઇ ગ્રેન ડિલર્સ એસોસિએશન**ના દાદરના યોગી સભાગૃહમાં યોજાયેલ **શતાબ્દી વર્ષની ભવ્ય ઉજવણી** પ્રસંગે આ સંસ્થાના **ટ્રસ્ટી શ્રી હરીશભાઇ છાડવા**ના ખાસ નિમંત્રણથી અને **શેઠશ્રી કેશવજીભાઇ છાડવા**ના આગ્રહથી બીએમપીપીના આ સ્વયંસેવક ગ્રુપે ધી મુંબઇ ગ્રેન ડિલર્સ એસોસીએશનના શતાબ્દી મહોત્સવના અવસરે કાર્યક્રમની વ્યવસ્થા જાળવવામાં અદ્‌ભૂત કાર્ય કર્યું. આ સંસ્થાના પ્રમુખ **શ્રી દામજીભાઇ શામજીભાઇ બીદડાવાળા,** ટ્રસ્ટી **શ્રી હરીશભાઇ છાડવા** અને કન્વિનર **બંસીભાઇ છેડા**એ બીએમપીપીના આ સ્વયંસેવક ગ્રુપની ભારે તારીફ કરી અને આપણા યુવાનોની નેત્રદીપક સેવાથી ખૂબ જ પ્રભાવિત થયા. અને સ્વયંસેવક મિત્રોને મંચ પર બોલાવી શિલ્ડ એનાયત કરી તેમનું સૌનું અભિવાદન કર્યું. ખરેખર બીએમપીપીના સ્વયંસેવકોએ ભારે પરિશ્રમ ઉઠાવીને ધી મુંબઇ ગ્રેન ડિલર્સ એસોસીએશનના શતાબ્દી મહોત્સવ સમારોહની સઘળી વ્યવસ્થા કુશળતાપૂર્વક સંભાળી આ કાર્યક્રમને યશસ્વી બનાવવામાં મહત્વનું યોગદાન આપ્યું. **બીએમપીપીના હિતેનભાઇ છેડા અને સ્વયંસેવકોની ટીમ સેવા ક્ષેત્રે તેનો વ્યાપ વધારી શાસન અને સમાજના ઉત્કર્ષ અને અભ્યુદયમાં પોતાનું સેવાકીય યોગદાન આપતી રહે તેવી આ પ્રસંગે અમારી શુભ કામના છે. પુનઃ પુનઃ ધન્યવાદ, અભિનંદન સેવાભિમુખ સર્વ બીએમપીપીના સ્વયંસેવક મિત્રોને!** **– રમેશભાઇ લાલજી સોની** (પ્રમુખ :BMPP)

卐 'નવકારનો રણકાર' ના સંપર્ક કાર્યાલયો 卐

**શ્રી ચીમનલાલ કલાધર**
301, શ્વેશ હાઉસ, ત્રીજે માળે, 75, સેકન્ડ લેન, હિન્દુ કોલોની,
દાદર (પૂર્વ), મુંબઇ-400014. મોબાઇલ : 9819646533

**શ્રી સોમચંદ વેલજી લોડાયા** (MA OM)
એ/104, સાંઇ ક્લાસીક, મહાત્મા ફુલે રોડ, મુલુન્ડ (પૂર્વ), મુંબઇ-81.
ફોન : (022) 2163 6399, મોબાઇલ : 9322275440
Email ID : somchand@maom.net

શુભેચ્છક
શ્રી ૠષભદેવ જૈન ટેમ્પલ એન્ડ સાધારણ ખાતા ટ્રસ્ટ
અને શ્રી ચેમ્બુર જૈન સંઘ - ચેમ્બુર તીર્થ

## તંત્રી સ્થાનેથી...



# ઉપશમ રસભરી સર્વજન શંકરી, મૂર્તિ જિનરાજની આજ ભેટી!

અઢારમાં સૈકામાં થયેલા **શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજ** જૈન શ્રમણ પરંપરાના મહા વિદ્વાન સાધુ હતા. તેમનો જન્મ બિકાનેરમાં વિ.સં. ૧૭૪૬માં ઓસવાલ ગોત્રમાં થયો હતો. તેમના પિતા **તુલસીદાસ**નો અને માતા **ધનબાઇ**નો ઉત્તમ ધર્મ સંસ્કારનો વારસો તેમને મળ્યો હતો. વિ.સં. ૧૭૫૬માં તેમણે **ખતરગચ્છીય મુનિ રાજસાગર ઉપાધ્યાય** પાસે દીક્ષા અંગિકાર કરી **દીપચંદ્ર પાઠક**ના શિષ્ય બન્યા હતા. નાની વયથી જ તેઓને ધર્મશાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કરવાની મહેચ્છા હતી તે સાધુ બનતા પૂરી થઇ હતી. જૈન આગમો, દાર્શનિક ગ્રંથો, ન્યાય, કાવ્ય, કોશ, અલંકારાદિનો અભ્યાસ કરી તેઓ મહા વિદ્વાન તરીકે પ્રસિદ્ધ થયા હતા. તેમની કાવ્ય રચના અદ્‌ભૂત હતી. તેમના કાવ્યોમાં વિશેષતઃ ભક્તિ, વૈરાગ્ય અને તત્ત્વજ્ઞાન છલકતું જોવા મળે છે. તેમના કાવ્યો એટલા ભાવવાહી અને મધુર હતા કે લોકો ઘરે ઘરે ઉત્સાહપૂર્વક ગાતા. તેઓએ સંસ્કૃત-પ્રાકૃત કરતા ગરવી ગુજરાતી ભાષામાં વિશેષ સર્જન કર્યું છે. **ગુજરાતી ભાષાનો મહિમા કરતા તેમણે એક જગ્યાએ લખ્યું છે કે 'સંસ્કૃત વાણી વાચણી, કોઇક જાણે જાણ; જ્ઞાતાજનને હિતકર, જાણી ભાષા કરું વખાણ.'** તેઓ પોતે ખતરગચ્છના હોવા છતાંય કદી ગચ્છનો આગ્રહ રાખતા નહિ. તેઓ સ્વયં ગુણી અને ગુણાનુરાગી હતા. તેઓએ **ધ્યાનદીપિકા ચતુષ્પદી, દ્રવ્યપ્રકાશની, આગમસાર, જ્ઞાનમંજરી, નયચક્ર** જેવા વિદ્વદ્‌ભોગ્ય ગ્રંથો લખ્યા છે. ગુજરાતીમાં **સ્તવન-ચોવીશી** અને **પદો**ની ઉત્તમ રચનાઓ તેમણે કરી છે.

સં. ૧૮૧૨માં તેઓને ઉપાધ્યાય પદવી આપવામાં આવી હતી. એજ વર્ષે અમદાવાદમાં દોશીવાડાની પોળમાં તેઓ કાળધર્મ પામ્યા હતા. તેમના છાસઠ વર્ષના આયુષ્યમાં તેમણે જૈન શાસનના ઉદ્યોત માટે અથાગ પરિશ્રમ ઉઠાવ્યો હતો. તેમની **સ્તવન-ચોવીશી** અને **પદો** આજે ઘરે ઘરે પ્રચલિત છે.

તેવીશમાં તીર્થંકર **શ્રી પાર્શ્વનાથ ભગવાન** વિશે તેમણે રચેલ એક ભાવવાહી, તત્ત્વગર્ભિત સ્તવનનો રસાસ્વાદ કરવા જેવો હોય અત્રે તેને પ્રસ્તુત કરતા અત્યંત આનંદ અનુભવું છું.

**સહજ ગુણ આગરો, સ્વામી સુખસાગરો,**
**જ્ઞાન વયરાગ પ્રભુ સવાયો;**
**શુદ્ધતા એકતા તીક્ષ્ણતા ભાવથી,**
**મોહરિપુ જીતી પડહ વાયો... સહજ - ૧**

પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ પ્રભુની સ્તુતિ કરતા તેમના ગુણો વર્ણવતા કવિ કહે છે કે સહજ-સ્વાભાવિક-વસ્તુના મૂળધર્મ એવા જ્ઞાનાદિક ગુણોના આગર-ઘર છે. સ્વામી-સંપદાના ધણી છે, સુખના સમુદ્ર છે, કેવળજ્ઞાનરૂપી વજના-હીરાના આગર-ઘર છે. હે કરુણાનિધિ! તમે હંમેશા સવાયા છો. એ પ્રભુએ શુદ્ધતા-જ્ઞાનની નિર્મલતા, એકતા-ચારિત્રની ફળરૂપ તન્મયતા, તીક્ષ્ણતા-વીર્યની તીવ્રતાના ભાવથી મોહરૂપી શત્રુને જીતી-કર્મોને હણી જયનો પડહો બજાવ્યો, વગડાવ્યો.

**વસ્તુ નિજ ભાવ અવિભાસ નિકલંકતા,**
**પરિણતિ વૃત્તિતા કરી અભેદે,**
**ભાવ-તાદામ્યતા-શક્તિ-ઉલ્લાસથી,**
**સંતતિ યોગને તું ઉચ્છેદે... સહજ-૨**

હવે શુદ્ધતા આદિનું સ્વરૂપ કહે છે કે વસ્તુ-જીવાદિક છ દ્રવ્ય, તેના પોતાના ગુણ પર્યાય રૂપ ભાવો, તેનો અવિભાસ-જાણવો; બોધ થવો, તે પણ નિકલંકતા-નિષ્કલંકતા-શુદ્ધતા કહીએ. પરિણતિ એટલે જીવનો શુદ્ધ મૂળ પરિણામ, સ્વરૂપને વિશે એકત્વપણું તે પરભાવમાં પેસે નહિ. એ આત્માની પરિણતિ છે. સંસારી જીવની મૂળ પરિણતિ તે ચારિત્ર-મોહનીયથી આવૃત્ત છે. તેથી તે રાગી-દ્વેષી-પુદ્‌ગલ-ભોગીપણે પ્રવર્તી રહી છે. તે પ્રવૃત્તિને તજી, આત્માની પરિણતિને સ્વરૂપ તરફ કરી, તેથી

શુભેચ્છક
શ્રી ધણીબાવાના ભાવિકો વતી પૂ. માતુશ્રી રતનબાઇ લાલજી લધા સોની પરિવાર
(કચ્છ વડાલા-ચિંચપોકલી) હ. રમેશભાઇ સોની - ફોન : ૨૩૭૫૩૩૧૧.
શ્રીમતી સવિતાબેન રમણીકલાલ મોરારજી સાવલા પરિવાર (કચ્છ તુંબડી-ઘાટકોપર) હ. મુકેશભાઇ - ફોન : ૨૩૭૨૩૮૩૫.

પરિણતિ તે જ પ્રવૃત્તિ થઇ, પરિણતિ અને પ્રવૃત્તિનો અભેદ થયો. જે વિભાવ તે તજજન્યતા-તદુક્તિ સંબંધે છે. જ્ઞાનાવરણાદિ કર્મ તે સંયોગ સંબંધે છે અને શુદ્ધ ક્ષાયિક વીર્યાદિ ગુણ તે તાદાત્મ્યમ સંબંધે છે. તે તાદાત્મ્યમ સંબંધની જે આત્મિક શક્તિ-ક્ષાયિક વીર્યના ઉલ્લાસથી-આત્મબળથી પરંપરાનો જે કર્મ સંયોગ-તેને તમે ઉચ્છેદો છો. એટલે જ્ઞાન-દર્શન-ચારિત્ર અને વીર્યના બળથી અનાદિ કર્મ સંબંધને હે પ્રભુ! તમે નાશ કર્યો એ શક્તિ તમારામાં જ છે. બીજામાં નથી. તમે એ કાર્ય કર્યું અને નિરાવરણ થયા.

**દોષ ગુણ વસ્તુનો લખીય યથાર્થતા,**
**લહી ઉદાસીનતા અપરભાવે;**
**ધ્વંસિ તજજન્યતા ભાવકર્તાપણું,**
**પરમ પ્રભુ! તું રમ્યો નિજ-સ્વભાવે... સહજ-૩**

હવે એ જ શુદ્ધતા, એકતા અને તીક્ષ્ણતા એ ત્રણનો કવિ અર્થાંતર કરતા કહે છે કે વસ્તુ જે વસ્ત્ર, ધન, સ્ત્રી, ઠંડી, ગરમી, વિષ આદિ તેના દોષ તે અશુભ વર્ણાદિક તથા ગુણ તે શુભ વર્ણાદિક તેને લખે-જાણે યથાર્થપણે જાણે, અશુભ દોષ વાળી વસ્તુને અશુભ જાણે, શુભ ગુણવાળી વસ્તુને શુભ જાણે. જડ વસ્તુને જડપણે જાણે. ચેતન વસ્તુને ચેતનપણે જાણે. તે શુદ્ધતા કહેવાય અને તે વસ્તુને ઈષ્ટતા-અનિષ્ટતા-રહીતપણે જાણે તે ઉદાસીનતા કહેવાય. એવી ઉદાસીનતા પામીને અપરભાવ એટલે બીજા અનંતા જીવ તથા પુદગલાદિક અજીવ પદાર્થ, તે સર્વથી ઉદાસપણે સર્વના અગ્રાહક-અભોગી-અસંગી થયા, તે સર્વ ચારિત્ર-પરિણતિને એકતા કહેવાય. તજજન્યતા-વિભાવકર્તાપણાને ધ્વંસી-છેદીને હે પ્રભુ! તમે પોતાના સ્વભાવમાં રમ્યા. વિભાવ પરિણતિને છેદવારૂપ તીક્ષ્ણતા જાણવી.

**શુભ અશુભ ભાવ અવિભાસ તહકીકતા,**
**શુભ અશુભ ભાવ તિહાં પ્રભુ ન કીધું,**
**શુદ્ધ પરિણામતા વીર્યકર્તા થઇ,**
**પરમ અક્રિયતા અમૃત પીધું... સહજ-૪**

વળી એ ત્રિભંગીનો બીજો અર્થાંતર કહેતા કવિ કહે છે કે શુભ-અશુભ ભાવની ઓળખાણના નિર્ધારથી તે શુદ્ધતા પણે એ સર્વ તમે જાણ્યું. પણ હે વિભુ! તમે તેમાં રાગ-દ્વેષપણે શુભ-અશુભ ભાવ કર્યો નહિ. તે રૂપ એકતા જાણવી. શુદ્ધ પારિણામિક ભાવે વીર્ય ગુણના કર્તા થઇને ઉત્કૃષ્ઠ અક્રિયપણારૂપ અમૃતનું તમે પાન કર્યું. એટલે વિભાવ-કર્તાપણું અને સાધકરૂપ કર્તાપણું તજીને તમે હે પ્રભુ! અક્રિય થયા.

**શુદ્ધતા પ્રભુ તણી આત્મભાવે રમે,**
**પરમ પરમાત્મતા તાસ થાએ;**
**મિશ્રભાવે અછે ત્રિગુણની ભિન્નતા,**
**ત્રિગુણ એકત્વ તુજ ચરણ આએ... સહજ-૫**

પ્રભુની જે શુદ્ધતા, તે જો પોતાના આત્મભાવમાં રમે, એટલે પ્રભુની પ્રભુતામાં રમણતા પામનારા જીવને પરમ-ઉત્કૃષ્ટ પરમાત્મપણું થાય, ક્ષાયોપશમીક ભાવમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની ભિન્નતા છે. તે જ્ઞાન, દર્શન, ચારિત્રની એકતા, તમારું યથાખ્યાન ચારિત્ર આવે-પ્રગટે, ત્યારે થાય. એટલે અભેદ રત્નત્રયી થાય. દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા પ્રાપ્ત થાય.

**ઉપશમ રસભરી સર્વ-જન-શંકરી,**
**મૂર્તિ જિનરાજની આજ ભેટી;**
**કારણે કાર્ય નિષ્પતિ શ્રદ્ધાન છે,**
**તેણે ભવભ્રમણની ભીડ મેટી... સહજ-૬**

ઉપશમરસથી ભરેલી, સમતારસથી ભરેલી સર્વ લોકનું કલ્યાણ કરનારી એવી શ્રી જિનરાજની મૂર્તિ-પરમાત્માની મૂર્તિ, આજે મેં ભેટી-નમસ્કાર ભાવે સેવી. કારણથી કાર્ય નીપજે એવી ખાત્રી છે. તેથી મોક્ષનું નિમિત્ત કારણ શ્રી જિનમુદ્રાનો યોગ થયો અને ઉપાદાન કારણ આત્મપ્રયોગ જિનગુણ ભાષણરૂપે પરિણમ્યો. તેથી સંસાર ભ્રમણની ભીડ મટી. જો પ્રભુની પ્રભુતા ઇષ્ટ લાગે તો આત્મા સિદ્ધતા પ્રાપ્ત કરે.

**નયર ખંભાયતે પાર્શ્વ પ્રભુ દર્શને,**
**વિકસતે હર્ષ ઉત્સાહ વાધ્યો;**
**હેતુ એકત્વતા રમણ પરિણામથી,**
**સિદ્ધ-સાધકપણો આજ સાધ્યો... સહજ-૭**

**શ્રી ખંભાતનગરમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુ**ના દર્શન કરતા આનંદ વિકાસ પામતા ચિત્તમાં ઉત્સાહ વધ્યો. હેતુરૂપ-કારણરૂપ એવા જે અરિહંત પરમાત્માની સાથે એકતા રૂપ રાગનો પરિણામ થવાથી સિદ્ધિ-મોક્ષનું સાધકપણું આજ મેં સાધ્યું. મારા આત્મામાં મોક્ષનું સાધકપણું છે એમ મેં જાણ્યું.

**આજ કૃતપુણ્ય ધન્ય દીહ મારો થયો,**
**આજ નરજન્મ મેં સફળ ભાવ્યો;**
**દેવચંદ્ર સ્વામી ત્રેવીશમો વંદીયો,**
**ભક્તિભર ચિત્ત તુજ ગુણ રમાવ્યો... સહજ-૮**

આજે મારો પુણ્યોદય થયો, મારો દિવસ ધન્ય થયો. જિનભક્તિરૂપ અધ્યવસાય થવાથી મારો મનુષ્યજન્મ સફળ થયો એમ વિચાર્યું. તેવીસમા જિનરાજ **શ્રી પાર્શ્વનાથ સ્વામી**ને મેં વાંદ્યા. **શ્રી દેવચંદ્રજી મહારાજ** કહે છે કે હે પ્રભુ! તમારી ભક્તિના સમૂહમાં અરિહંત પરમાત્માના ગુણની રમણતામાં મેં મારા મનને રમાડ્યું. તેથી મારો દિવસ સફળ થયો.

**– ચીમનલાલ કલાધર**



# અપાર ઉપકારી મહામંત્ર નવકાર

## પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબ

રામાયણની કથા સાંભળનારા જેમ સીતાજી અને શ્રી રામચન્દ્રજી જેવા ગુણો લાવવા માંગે છે, તેમ આપણે નવકારની મહિમા દર્શક કથાઓ સાંભળીને શ્રી નવકારમય બનવાના પ્રયત્નો કરવા જોઇએ. શ્રી નવકારને પ્રાપ્ત કરવા માટે સુંદર દેહ, સુંદર ગુરુ અને સુંદર આત્મા જોઇએ. ત્રણમાંથી બે સારાં હોય અને એક સારું ન હોય, તો ન ચાલે. ત્રણે સારાના સમાગમથી શ્રી નવકારની પ્રાપ્તિ થાય છે. આનું કારણ યોગ્યતા છે. દરેક બાબતમાં યોગ્યતાની પ્રધાનતા છે. યોગ્યતા સિવાય ગુણ પ્રાપ્તિની ભૂમિકા ઘડાતી નથી.

યોગ્યતાની પ્રાપ્તિ, યોગ્ય આત્માઓના યોગ્ય ગુણોની પ્રશંસા કરવાથી થાય છે. આ વિશ્વમાં ઊંચામાં ઊંચી યોગ્યતાવાળા ઊંચામાં ઊંચા આત્માઓ શ્રી અરિહંતાદિ પરમેષ્ઠી ભગવંતો છે. તેમની ભક્તિ, પૂજા, સ્તુતિ વગેરેમાં મન પરોવવાથી શ્રી નવકારને ખરેખર પામવાની યોગ્યતા આવે છે. **શ્રી નવકાર મહાન પ્રભાવશાળી છે, છતાં આપણને તેવો લાગતો નથી, તેનો અર્થ એ થયો કે આપણામાં યોગ્યતા નથી.**

જે સમયમાં આપણે જીવીએ છીએ, તે સમયે આ શ્રી નવકારને પ્રાપ્ત કરનારા અસંખ્યાતા જીવો ચારે ગતિમાં છે. ફક્ત મનુષ્યમાં સંખ્યાતા છે. તિર્યંચોને ગુરુનો યોગ થતો નથી, પણ જાતિ સ્મરણ જ્ઞાન થાય છે અને પૂર્વે કરેલું યાદ આવે છે. અને તે દ્વારા નવકારને પ્રાપ્ત કરે છે. તિર્યંચમાં સંખ્યા ઘણી મોટી છે, એટલે કોઇક શ્રી નવકાર પામે તો પણ અસંખ્યાતા થઇ જાય છે. તિર્યંચમાં ધર્મ નહિ પામેલાની સંખ્યા સાગર જેટલી છે, પામેલાની સંખ્યા બિંદુ જેટલી છે. માટે તિર્યંચના ભવમાં જઇને શ્રી નવકાર પામીશું એવો વિચાર નકામો છે. દેવગતિમાં પણ તે દુર્લભ છે. અને નારકીમાં પણ દુર્લભ છે. મનુષ્યગતિમાં પણ સાવ સુલભ નથી. તમારા ઘરમાં, ગામમાં, રાજ્યમાં, દેશમાં તપાસ કરો, તો શ્રી નવકારને પામેલા એટલે લબ્ધિ ક્ષયોપક્ષમવાળા, આંતરિક રૂચિ, પ્રીતિવાળા મનુષ્યો ખરેખર કેટલા છે, તે સમજાશે. પામેલા ઓછા છે, નહિ પામેલા ઘણા છે. જે ઓછા છે, તેમાંથી પણ ખસી જનારા કેટલા તે પણ વિચારો. શ્રી નવકારને પામ્યા પછી તેમાં જ પ્રીતિ ટકાવવાનું કામ પણ અઘરું છે. કારણ કે તેમાં અંતરાયકારી પરિબળો આ વિશ્વમાં ઘણાં છે.

જેઓનું નમસ્કાર-આવરણીય કર્મ એટલે કે દર્શન-મોહનીય કર્મ હટી ગયું છે, તેવા જીવોની સંખ્યા બહુ જ ઓછી હોય છે. એ થોડી સંખ્યામાં આપણો નંબર નોંધાવવો છે કે નહિ? અહીં બહુમતી કામ નહિ લાગે, સમ્યગ્દૃષ્ટિ જ કામ લાગશે. એવી દૃષ્ટિવાળા અલ્પ છે. ગુરુનો યોગ, સારી બુદ્ધિ, સુંદર શરીર મળ્યું છે, છતાં શ્રી નવકારને પામવાની યોગ્યતા નથી આવી, એમ માનીને આગળ ચાલો. તો તેને પામવાની યોગ્યતા જરૂર આવશે. જે વસ્તુ ખૂટતી હોય, તેની કિંમત વધારે આંકીએ તો જ તેને પામવાની યોગ્યતા આવે છે.

હવે વિચારો કે આ મનુષ્યભવમાં નમસ્કારાવરણીય કર્મ ન તૂટ્યું હોય, તો તેનું કારણ શું? તો કે પોતાની તથાપ્રકારની અયોગ્યતા. આવી અયોગ્યતા શી રીતે જાય? અને યોગ્યતા શી રીતે આવે? સુગુરુ કહે તે પ્રમાણે કરીએ તો **સુગુરુ કહે છે કે જે ભાવ તમારી જાતને આપો છો તે ભાવ ત્રણ જગતના બધા જીવોને આપો.** આખું જગત પાપથી મુક્ત થાઓ, આખા જગતમાં શાંતિ પ્રવર્તો, એવો ભાવ ભાવવપૂર્વક શ્રી નવકારનો જાપ શરૂ કરો, તો શ્રી નવકારને ભાવથી પામવાની યોગ્યતા આવશે.

**જેઓ યોગ્ય છે, તેઓના મનમાં સર્વ જીવોના કલ્યાણની ભાવના વસેલી છે. આચરણમાં અહિંસા અગ્રસ્થાને છે અને વાણીમાં હિત-મિત સત્યનો વાસ છે.**

આવી યોગ્યતા ન હોય અને શ્રી તીર્થંકર પરમાત્માના કાળમાં જન્મ મળે છે, તો પણ ઠેકાણું નથી પડતું. સંસારની રખડપટ્ટી ઊભી જ રહે છે.

નમસ્કારમાં રતિ કેળવવાની યોગ્યતા લાવવા માટે :

**(૧) સર્વના કલ્યાણને 'સ્વ' કલ્યાણ જેટલો જ ભાવ આપો.**
**(૨) સમસ્ત જીવરાશિ સાથે મૈત્રી ભાવ કેળવો.**
**(૩) કોઇ એક જીવને પણ અપકારી ન ગણો.**
**(૪) અપકારી સ્વકર્મ સિવાય બીજું કોઇ નથી એ સમજીને વર્તન કરો.**
**(૫) 'શિવમસ્તુ સર્વ જગતઃ'ની ભાવનાને અસ્થિ મજ્જાવત્ બનાવો.**

આજ સુધી આવા ઉત્તમ ભાવપૂર્વક જીવન નથી જીવ્યા માટે હજી આપણો નિસ્તાર નથી થયો. સમસ્ત વિશ્વ પ્રત્યે તેને તારવારૂપ મૈત્રી-એ તીર્થંકરત્વનું કારણ છે. પોતાના પરિચિતોને તારવાનાં ભાવરૂપ મૈત્રીભાવ,

શુભેચ્છક
**શ્રી શાંતિનાથ દેરાસર જૈન પેઢી** ઠાકુરદ્વાર, મુંબઇ-૪૦૦ ૦૦૨.
હ. શ્રી સુરેશભાઇ દેવચંદ શાહ

એ ગણધરત્વનું બીજ છે. પોતાના આત્મ પ્રત્યે મૈત્રીભાવ એ કેવળજ્ઞાન આપશે. પણ 'અતિશયો' નહિ આપે.

**'હું એકલો છું, એ ભાવના તો કોઈ આપણા સામે ન જુએ, ત્યારે લાવવાની છે, કે જેથી આર્ત્તધ્યાનથી બચી જવાય. પણ અત્યારે જૂદું છે. મારું તૈયાર છે કે નહિ તે જુઓ છો. પોતાનું એકલાનું જ ધ્યાન રાખવું, તે ભવ્યત્વના પરિપાકને વિકસતાં અટકાવે છે.**

ભવ્યત્વનો પરિપાક કરવા માટે, સ્વ-દુષ્કૃતની ગર્હા-નિંદા તેમ જ નિર્દંભ કબૂલાત અનિવાર્ય છે. પછી જ્યાં યોગ્ય ગુરુ હોય, ત્યાં લોહચુંબક તરફ ખેંચાતા લોહકણની જેમ ખેંચાઈ જવાય.

દુશ્મનના હાથે પણ સુકૃત થાય તે અનુમોદનીય છે, અને તે અનુમોદના સમ્યક્ત્વ પામવાનું બીજ છે. સ્વકૃત દુષ્કૃતનો ખટકો જેટલો તીવ્ર, તેટલી જ તીવ્રતા સર્વના સુકૃતની અનુમોદનામાં આવવી જોઈએ.

પોતાના સુકૃતનું પણ અનુમોદન ન કરે તો પુણ્યનો બંધ ન પડે. અનુમોદના કરવાનું મુખ્ય સાધન મન છે. માત્ર જીભથી પ્રશંસા કરવા છતાં જો તેમાં મન નથી ભળતું, તો તે કાર્ય ભવ્યત્વના પરિપાકમાં ખાસ સહાયક નથી થતું.

**સુકૃતની ત્રિવિધ અનુમોદના કરવાથી સુકૃતસાગર શ્રી અરિહંતની ભક્તિ કરવાની પાત્રતા આવે છે. આ પાત્રતા આરાધકને ધર્મ પમાડે છે અને શ્રી નવકારને ભાવથી આરાધવાની યોગ્યતા બક્ષે છે.**

ચાર શરણ એ સ્મરણીય તત્ત્વની શ્રેષ્ઠ અનુમોદના છે. શ્રેષ્ઠ પ્રકારની પ્રશંસા છે. વિચારની ભૂમિકા ઉપર તે સ્મરણ આવવું જોઈએ. એને માટે દૃષ્ટાન્ત આવે છે, કે જેમ કોઈ વ્યાધિગ્રસ્ત હોય, તો તેના મનમાં ધ્યાન કોનું હોય? માતાનું? ના. વૈદરાજનું હોય.

જો કોઈને સર્પ ડંશ થયો હોય, તો તે ગારૂડીનું ધ્યાન કરે છે. મતલબ કે ભયને શરણની જરૂર છે. પહેલાં તો રાજાને, પર રાજ્યનો ભય હોય, ત્યારે કિલ્લો બાંધતા હતા. હવે તો ઉપરથી બોમ્બ પડે છે, એટલે કિલ્લો કામ આવતો નથી. તો હવે શું બનાવવું? ભોંયરું. પણ ઉપરથી બોમ્બ પડે, ત્યારે કોનું શરણ માનશો? ધર્મનું.

**આ જ પહેલાં આપણે મોક્ષ ગયા હોત, તો કોઈ જાતની ઉપાધિ રહેત નહિ. પણ નમવામાં કચાશ રાખી, ભાવશૂન્યપણે નમ્યા, માટે હજી સંસારને નમવું પડે છે.** મૈત્ર્યાદિ ચાર ભાવનાઓ ઉપરાંત આપણે ત્યાં વૈરાગ્યપ્રેરક બાર ભાવનાઓ પણ છે. તે પૈકીની એક એકત્વ ભાવના છે. આ ભાવના એકલપેટા-વૃત્તિને પોષવા માટે નથી, પણ સિંહવૃત્તિને કેળવવા માટે છે. આ ભાવના આપણને સુખદુ:ખમાં સ્થિર રહેવાનું બળ આપનારી છે. જન્મ-જીવન અને મૃત્યુ સમયે 'હું' એકલો છું, એમ ચિંતવીને નિરાશ થવાનું આ ભાવના કહેતી નથી. પણ એમ કહે છે કે, **'એકે હજારાં'** બનીને જીવો! પરમાત્મા અને આપણે =તત્ત્વત: એકસરખાં જ છીએ. એવો આ ભાવનાનો સાર છે.

**ધર્મના અર્થી આત્માને શરીર પાસેથી ખાસ સેવા લેવાની હોય છે, એટલે શરીર બગડે એવો આહારવિહાર ન હોવો જોઈએ. અઠ્ઠાઈ વગેરે કર્યા પછી પારણે રસલોલુપતા જાગે, તો માનવું કે તપ હજી સાચા અર્થમાં થયો નથી. જીહ્વા લંપટ છે, માટે ખોરાકમાં સંયમ રાખવો જ જોઈએ. ખાવા માટે જીવન નથી, પણ સર્વ હિતકાર ધર્મની આરાધના માટે છે. એ આરાધનામાં સહાયક શરીરને વિકૃત પદાર્થો વાપરીને બગાડવું ન જોઈએ.** પંચ નમસ્કારમાં સાચો રસ-રસનેન્દ્રિયને વશવર્તી બનાવવાથી જાગે છે. પંચ નમસ્કારનો પ્રભાવ શબ્દાતીત છે. તમારા મુનીમે સોદો કર્યો અને નફો થયો, તો તે નફાનો માલિક કોણ? મુનીમ કે તમે? તમે જ ને. તેવી જ રીતે નમસ્કારના પ્રત્યેક આરાધકે સદા યાદ રાખવું જોઈએ કે, મને જે વસ્તુઓ મળી છે, તે શ્રી પંચ પરમેષ્ઠીની છે. વસ્તુ ઉપરનો હક્ક રાખવાથી અહંકાર ક્ષીણ થવાને બદલે વધે છે. અને શ્રી પંચ પરમેષ્ઠી ભગવંતોની ભક્તિ અહંકારની નાશક બને છે.

બુદ્ધિથી નમસ્કારને સમજ્યા પછી પણ રતિ અને પ્રીતિ વધારવા માટે શું કરવું? જેમ સાધુના પાત્રમાં આપેલું સાધુનું કહેવાય, તેના ઉપર આપનારનો હક્ક નથી રહેતો, તેમ શ્રી અરિહંતને આપેલો નમસ્કાર શ્રી અરિહંતનો બને છે. નમનાર શરીર પણ શ્રી અરિહંતનું બની જાય છે.

શરીરથી નમસ્કાર કરો અને દેહ સોંપો નહિ, તો તે નમસ્કાર સાચો કઈ રીતે ગણાય? ધર્મ માર્ગમાં આગળ વધવું હોય, તો નમસ્કાર વડે દાન કરવું જોઈએ. કાયાથી નમસ્કાર કર્યો, પછી કાયા આપણી ન રહી. કાયાના માલિક નમસ્કાર્ય શ્રી અરિહંત બન્યા. પૈસા આપ્યા પછી એનો ધણી એ પોતે જ રહેતો હોય, તો પૈસા આપ્યાં જ નથી, એમ સાબિત થાય છે. નમસ્કાર દ્વારા કરેલા પદાર્થનું દાન તે પદાર્થ ઉપર નમસ્કાર્યના સ્વામીત્વને પુરવાર કરવા અર્થે છે. પછી તેનો ઉપયોગ તો કરવાનો નથી જ! **પણ હું કરું છું, મારાથી થાય છે - એવો ભાવ પણ મનમાં રહે, તો નમસ્કારભાવની પરિણતિ હજારો જોજન દૂર રહે છે.નમસ્કારને આવરણ કરનારું કર્મ ખપશે, એટલે ભગવાનની પૂજા કરતાં, આ પૂજા મારા આત્માની છે, એવી અનુભૂતિ થશે. તેમ જેટલા નમસ્કાર શ્રી અરિહંતને થાય છે, તેટલા આત્માને પહોંચે છે, આત્મા અને પરમાત્મા વચ્ચેના ભાવ અંતરને દૂર કરનારા થાય છે** - એવી સ્પષ્ટ પ્રતીતિ થશે. આત્મા અને પરમાત્મા વચ્ચેનું ભાવ અંતર દૂર થયાં પછી આત્મા પરમાત્મમય બની જાય છે. આત્મા અને પરમાત્માનો ભેદ દૂર થાય છે અને અભેદ સધાય છે. આ રીતે નવકારના ધ્યાનથી આત્મા પરમાત્મ સ્વરૂપ બની શકે છે.**મંત્ર શિરોમણિ શ્રી નવકારનો ઉપકાર આમ અપાર છે.**

☐☐☐

**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ બાવન જિનાલય તીર્થ** દેવચંદનગર, ભાયંદર (વે)

શુભેચ્છક

હ. શ્રી સુરેશભાઈ દેવચંદ શાહ



# નવકાર મંત્ર મહામંત્ર શા માટે ?

## પૂ. આચાર્ય શ્રી મહાપ્રજ્ઞજી

આપણે કેટલાક દિવસોથી એક મહાસાગરમાં અવગાહન કરી રહ્યા છીએ, એમાં ડૂબકીઓ મારી રહ્યા છીએ. આ સાગર નહિ મહાસાગર છે. કેટલીય ડૂબકીઓ મારીએ, કેટલુંય અવગાહન કરીએ, છતાં એનો પાર પામવો બહુ જ મુશ્કેલ છે. એના ઊંડાણને માપવું અસંભવ છે. એની ઊંડાઇ સમગ્ર શ્રુતસાગરની ઊંડાઇ છે. કહેવાય છે – નમસ્કાર મહામંત્ર ચૌદ પૂર્વોનો સાર છે. વિશ્વની બધી જ શાબ્દિક વિશિષ્ટતાઓ જ્ઞાનરાશિ ચૌદ પૂર્વોમાં સમાઇ જાય છે. આટલા મોટા સમુદ્રનું અવગાહન કરવું તે કોઇ નાનીસૂની વાત નથી. તેથી આ મહાસાગરને મહામંત્ર કહેવાય છે. આ મંત્ર જ નહિ, મહામંત્ર છે. તેને મહામંત્ર કેમ કહેવાય છે તે આપણે સમજવું છે. નમસ્કાર મહામંત્ર એટલા માટે છે કે તે આત્માનું જાગરણ કરે છે. આપણી અધ્યાત્મયાત્રા તેનાથી પૂર્ણ થાય છે. તે કોઇ કામનાપૂર્તિનો મંત્ર નથી. કામનાપૂર્તિના મંત્ર અનેક પ્રકારના હોય છે. જેવા કે – સરસ્વતી મંત્ર, લક્ષ્મી મંત્ર, રોગનિવારણ મંત્ર, સર્પદંશમુક્તિ મંત્ર વગેરે. જે રીતે માંદગીઓ માટે ઔષધિઓનું નિર્માણ થયું, તેવી જ રીતે રોગ–નિવારણને માટે મંત્રોની સંરચના થઇ. જેટલી બીમારીઓ તેટલી જ ઔષધિઓ. કામનાના જેટલા સ્રોત એટલા જ મંત્રો. **નમસ્કાર મહામંત્ર કામનાપૂર્તિનો મંત્ર નથી, ઇચ્છાપૂર્તિનો મંત્ર નથી, પરંતુ તે એ મંત્ર છે કે જે કામનાને સમાપ્ત કરી શકે છે, ઇચ્છાને મિટાવી શકે છે.** બહુ જ મોટું અંતર છે. એક મંત્ર હોય છે કામનાની પૂર્તિ કરનાર અને એક મંત્ર હોય છે કામનાને નષ્ટ કરનાર. એક મંત્ર હોય છે ઇચ્છાની પૂર્તિ કરનાર અને એક મંત્ર હોય છે ઇચ્છાને મિટાવી દેનાર. બન્નેમાં બહુ મોટું અંતર છે. કામનાપૂર્તિ અને ઇચ્છાપૂર્તિનું સ્તર બહુ જ નીચે રહી જાય છે, જ્યારે મનુષ્યની ઊર્ધ્વ ચેતના જાગૃત થાય છે ત્યારે તેને એ સ્પષ્ટ સમજાઇ જાય છે કે સંસારની સૌથી મોટી ઉપલબ્ધિ તે છે, કે જેનાથી કામના અને ઇચ્છાનો અભાવ થઇ શકે. કામનાની પૂર્તિ અને કામનાનો અભાવ – બે અલગ વાતો છે. બન્ને વચ્ચે ઘણું અંતર છે.

જ્યારે વ્યક્તિમાં અંતરની ચેતના જાગી જાય છે ત્યારે તે કામનાપૂર્તિની પાછળ નથી દોડતો, ત્યારે તે ઇચ્છાપૂર્તિનો પ્રયત્ન નથી કરતો. તે એ વાતની પાછળ દોડે છે, તે એ મંત્રની શોધ કરે છે જે કામનાઓને કાપી નાખે, એના સ્રોતને જ સૂકવી નાખે! એને એ મંત્ર જોઇએ જે ઇચ્છાઓને કાપી નાખે, એના સ્રોતને નષ્ટ કરી નાખે. નમસ્કાર મહામંત્ર એટલા માટે છે કે તેનાથી ઇચ્છાઓ સમાપ્ત, બધી કામનાઓ સમાપ્ત, જ્યાં વ્યક્તિ નિઃસ્પૃહી અને નિષ્કામ બની જાય છે અને કામનાઓના ધરાતલથી ઉપર ઊઠી જાય છે, ત્યાં એનું અર્હત્ સ્વરૂપ જાગે છે. નમસ્કાર મહામંત્રનું આ પ્રયોજન છે અને એટલા જ માટે તે કેવળ મંત્ર જ નહિ, મહામંત્ર છે. નમસ્કાર મહામંત્રથી ઐહિક કામનાઓ પણ પૂરી થાય છે, પરંતુ તે તેનો મૂળ હેતુ નથી; મૂળ પ્રયોજન નથી. એની સંરચના કેવળ અધ્યાત્મ–જાગરણને માટે થયેલી છે, કામનાઓની સમાપ્તિ માટે થઇ છે. એ એક તથ્ય છે કે જ્યાં મોટી ઉપલબ્ધિ હોય છે, ત્યાં આનુષંગિક રૂપમાં અનેક નાની ઉપલબ્ધિ પણ આપોઆપ થઇ જતી હોય છે. નાની ઉપલબ્ધિમાં મોટી ઉપલબ્ધિ નથી હોતી, પરંતુ મોટી ઉપલબ્ધિમાં નાની ઉપલબ્ધિ સહજ હોય છે. કોઇ વ્યક્તિ સરસ્વતીના મંત્રની આરાધના કરે છે તો તેનું જ્ઞાન વધે છે. કોઇ વ્યક્તિ લક્ષ્મીના મંત્રની આરાધના કરે છે તો તેનું ધન વધે છે. પરંતુ અધ્યાત્મનું જાગરણ કે આત્માનું ઉત્થાન નહિ થાય, કારણ કે નાની ઉપલબ્ધિની સાથે મોટી ઉપલબ્ધિ નથી મળતી. જે વ્યક્તિ મોટી ઉપલબ્ધિને માટે ચાલે છે, તેને રસ્તામાં નાની નાની અનેક ઉપલબ્ધિઓ પ્રાપ્ત થઇ જાય છે.

નમસ્કાર મહામંત્રનાં પાંચેય પદોમાં પાંચ પરમ આત્માઓ જોડાયેલા છે. કોઇ અલ્પશક્તિ જોડાયેલી નથી. વિશ્વની પાંચ મહાશક્તિઓ તેની સાથે જોડાયેલી છે. કેવળ આત્મા અને પરમાત્મા તેની સાથે જોડાયેલ છે. અર્હત્ પરમાત્મા છે. સિદ્ધ પરમાત્મા છે. આચારની ગંગામાં અવગાહન કરનાર અને એવા નંદનવનમાં રહેનાર જેની આસપાસ સૌરભ ફૂટે છે, તે પરમ આત્માનું જાગરણ કરનારા આચાર્યો તેની સાથે જોડાયેલા છે. સમગ્ર શ્રુતજ્ઞાનના ભંડારની અવગાહના કરી જ્ઞાનનો પ્રકાશ ફેલાવનારા ઉપાધ્યાયો તેની સાથે જોડાયેલા છે. તેની સાથે જોડાયેલા છે સાધુઓ અથવા સાધકો, જેઓ આત્માનાં સમસ્ત આવરણોને દૂર કરીને પરમાત્માનો સાક્ષાત્કાર કરવા સતત પ્રયાસ કરી રહ્યા છે. વિશ્વના બધા જ પવિત્ર આત્માઓ કોઇ એક જ સંપ્રદાયના નથી, કોઇ વિશેષ ધર્મના નથી, કોઇ એક જાતિના નથી, બધાના છે અને તે બધા તેની સાથે જોડાયેલા છે.

**નમસ્કાર મંત્ર મહામંત્ર હોવાનું બીજું કારણ એ છે કે આ એક માર્ગ છે. णमो अरहंताणं – अर्हत् – માર્ગ છે.**

હું બીજો પ્રયોગ એવો કરાવવા માગું છું કે અર્હત્‌નું ધ્યાન પગ ઉપર કરાવવામાં આવે. કોઇને થશે કે અર્હત્‌નું સ્થાન તો મસ્તક છે. તો પછી પગ ઉપર એમનું ધ્યાન શા માટે? આ પ્રશ્ન છે તેની મને ખબર છે. મારી પાસે તેનું સમાધાન પણ છે. મેં યોગ–સાધનાથી જે કંઇ અનુભવ કર્યો, આજનાં વૈજ્ઞાનિક સંશોધનો વાંચ્યા, સાંભળ્યાં, એક્યુપંક્ચર ચિકિત્સાપદ્ધતિમાં શોધવામાં આવેલા સાતસો ચૈતન્યકેન્દ્રોના વિષયમાં વાંચ્યું. યોગ અને આચાર્યો દ્વારા નિર્દિષ્ટ ચૈતન્યકેન્દ્રોનો અનુભવ કર્યો અને આજના શરીરશાસ્ત્રી દ્વારા શોધાયેલ ગ્રંથિઓના સિદ્ધાંત અને સ્વરૂપને જોયાં; તો જાણવા મળ્યું કે શરીરનો કણેકણ પવિત્ર છે. પગનો અંગૂઠો

પણ એટલો જ પવિત્ર છે, જેટલો શિરનો અગ્રભાગ. કોઇ તફાવત નથી. જ્યારે આપણે કહીએ છીએ હિમાલય બહુ જ મોટો છે તો તેની તળેટી પણ મોટી છે અને શિખર પણ મોટું છે. ગંગા જો પવિત્ર છે તો એનો પ્રત્યેક કણ પવિત્ર છે. એનું પ્રત્યેક બુંદ પવિત્ર છે, એની પ્રત્યેક ધારા પવિત્ર છે. ગંગા જો પવિત્ર છે તો જ્યાંથી તે ઉત્પન્ન થાય છે. ત્યાં પણ તે પવિત્ર છે અને જ્યાં તે વહે છે ત્યાં પણ તે પવિત્ર છે. આપણા શરીરનો કણેકણ પવિત્ર છે. શરીરનો કોઇ ભાગ અપવિત્ર નથી. બધું જ પવિત્ર છે. આપણા શરીરમાં જો ચૈતન્યકેન્દ્રો છે, આપણા શરીરમાં પિચ્યુટરી અને પિનિયલ ગ્રંથિઓ છે તો આપણા હાથ-પગમાં પણ એવાં કેન્દ્રો છે. જે ગ્રંથિઓ શિરમાં છે તે હાથ-પગમાં છે.પગમાં અનેક ચૈતન્યકેન્દ્રો છે, પ્રાચીન કાળમાં એ વાત જાણીતી હતી કે જો કોઇ ધ્યાનસ્થ વ્યક્તિને જગાડવી હોય તો તેના પગના અંગૂઠાને વચ્ચેથી દબાવવો. તેથી તે ધ્યાનસ્થ વ્યક્તિ જાગી જાય છે. તેની સમાધિ તૂટી જાય છે. આ ઉલ્લેખ પ્રાચીન ગ્રંથોમાં મળી આવે છે. તેનું રહસ્ય સમજાતું નહોતું. એક્યુપંક્ચર પદ્ધતિના અધ્યયનથી આ રહસ્ય સ્પષ્ટ થઇ ગયું. પિચ્યુટરીનું જે કેન્દ્ર છે, એવું જ કેન્દ્ર પગના અંગૂઠામાં પણ છે. આ રહસ્ય બહુ જ લાભદાયી નીવડ્યું.

**નમસ્કાર મંત્ર મહામંત્ર છે તેનું ત્રીજું કારણ છે દુઃખમુક્તિનું સામર્થ્ય.** માણસનો બધો જ પુરુષાર્થ દુઃખને મટાડવા અને સુખને મેળવવા માટેનો હોય છે. જેટલો પુરુષાર્થ, જેટલી પ્રવૃત્તિ, જેટલી ચેષ્ટા અને જેટલી સક્રિયતા છે, તે બે વાતો સાથે જોડાયેલી છે. પહેલી વાત છે દુઃખને મટાડવું અને બીજી વાત છે સુખને પ્રાપ્ત કરવું.

એક વાત છે. ખરાબ વસ્તુ છૂટી જવાથી માણસને સુખ જ થાય છે, એવું નથી. ખરાબ વસ્તુ છૂટી જવાથી માણસને દુઃખ પણ થાય છે. પેટમાં મળ ભરાયેલો છે. મળ વિજાતીય દ્રવ્ય છે. જ્યારે તે કાઢવામાં આવે છે ત્યારે એક વાર માણસને કમજોરી અને થાકનો અનુભવ થાય છે. ખરાબી નીકળી રહી છે, પણ માણસ કમજોર થઇ રહ્યો છે. એનું કારણ સ્પષ્ટ છે. જેને વર્ષોથી પાળી રાખ્યું છે, તેનાથી છૂટવાનું કોઇને ગમતું નથી. સંસ્કૃતમાં એક નીતિવાક્ય છે – विषवृक्षोऽपि संवर्ध्य स्वयं छेत्तुं न साम्प्रतम् –પોતાના દ્વારા ઉછેરાયેલા વિષવૃક્ષને પણ કાપવું ઉચિત નથી. આ નીતિસૂત્ર એટલા માટે પ્રચલિત થયું હશે કે માણસ દુઃખના વૃક્ષને ઉછેરતો આવ્યો છે. તેને ઉખાડીને ફેંકી દેવાની વાત તે વિચારતો નથી. કેટલું વિપરીત! કેટલું આશ્ચર્ય! આપણે બીમારીની દવા લઇએ છીએ અને તેને સુખ માની લઇએ છીએ, પરંતુ માણસ જ્યારે નમસ્કાર મંત્રની આરાધનામાં જોડાય છે ત્યારે યથાર્થમાં સુખની ચેતના જાગે છે. તે બહારની યાત્રાથી વિરમીને અંતરની યાત્રાનો પ્રારંભ કરે છે ત્યારે સુખની ચેતના જાગૃત થાય છે. એ જાગરણમાં નવા નવા અનુભવ થવા લાગે છે, જે પહેલાં કદી થયા ન હોય. તે સમયે અલૌકિક આનંદનો અનુભવ થાય છે. એ લોકોત્તર સુખનો અનુભવ થાય છે જે પદાર્થથી ક્યારેય થઇ શકતો નથી. જ્યારે આપણે નમસ્કાર મહામંત્રની આરાધના કરતી વખતે અંતઃકરણના ઊંડાણમાં ઊતરીએ છીએ અને એને સાક્ષાત્ કરીએ છીએ ત્યારે અલૌકિક આનંદનું કિરણ ફૂટી નીકળે છે. આખો ય માર્ગ પ્રકાશથી ભરાઇ જાય છે અને ત્યારે સુખ-દુઃખની બધી ધારણાઓ બદલાઇ જાય છે. મનુષ્ય હંમેશાં એમ માનતો રહ્યો છે કે પદાર્થથી જ ઇન્દ્રિયોને અને મનને સુખ મળે છે. આ ભ્રાંતિ તૂટી જાય છે. આ મૂર્ચ્છા સમાપ્ત થઇ જાય છે. તેને ભાન થઇ જાય છે કે પદાર્થથી મળનારું એવું એકે સુખ નથી કે જેની સાથે દુઃખ જોડાયેલું ન હોય. પરંતુ આ આત્માનુભવની સાથે, આત્મામાંથી નીકળતાં સુખનાં કિરણોની સાથે કોઇ દુઃખ જોડાયેલું નથી. આ કેવળ સુખ છે. એમાં કોઇ મિશ્રણ નથી.

ધ્યાન કરનારી કોઇ પણ વ્યક્તિએ એમ નથી કહ્યું કે મેં ધ્યાન ન કર્યું હોત તો સારું થાત. એનું કારણ એ છે કે સુખની જે અનુભૂતિ ધ્યાનથી મળે છે, તે આનંદ આપનારી છે. ધ્યાન અધ્યાત્મની યાત્રા છે. એમાં બીજાની કસોટી, બીજાનો માપદંડ અને બીજાનું ત્રાજવું કામ નથી લાગતું. પોતાની કસોટી, પોતાનો માપદંડ, પોતાનું ત્રાજવું જ એમાં કામ લાગે છે. જ્યાં પોતાનો અનુભવ જાગી જાય છે, પોતાની ચેતના જાગી જાય છે ત્યાં વ્યક્તિ પોતે જ કસોટી હોય છે. પોતે જ ત્રાજવું હોય છે. આ સ્થિતિ પ્રાપ્ત થતાં જ જૂની ધારણાઓ બદલાઇ જાય છે. માપદંડ બદલાઇ જાય છે. ત્યારે વ્યક્તિ પોતે પોતાને ખાલી કરવા લાગી જાય છે. ખાલી થવાની આ અવસ્થા જ નિર્વિકલ્પ અવસ્થા છે. જ્યારે આપણે મંત્રની સાધના દ્વારા, શબ્દને સહારે વિકલ્પથી ચાલતા ચાલતા નિર્વિકલ્પ સ્થિતિ સુધી પહોંચીએ છીએ ત્યારે ચૈતન્યનો નવો ધબકારો થાય છે. એટલા માટે નમસ્કાર મંત્ર મહામંત્ર છે.

**નમસ્કાર મંત્ર મહામંત્ર હોવાનું ચોથું કારણ છે – એનાથી વૃત્તિઓનું ઊર્ધ્વીકરણ, બુદ્ધિનું ઊર્ધ્વારોહણ થાય છે.** આપણી શરીરરચનામાં જે-બુદ્ધિનું સ્થાન છે, વૃત્તિઓનું સ્થાન છે, તેનાં કેન્દ્રો છે, તે બધાનું મોં નીચેની બાજુએ છે. વૃત્તિઓ નીચેની તરફ, બુદ્ધિ નીચેની તરફ. તેથી માણસનું ચિંતન નીચેની તરફ જાય છે. નીચે આપણું કામનાકેન્દ્ર છે, આપણી બધી બુદ્ધિ કામના કેન્દ્ર તરફ જાય છે આપણી ચેતનાનો સમગ્ર પ્રવાહ નીચેની તરફ જાય છે. જ્યારે આપણે નમસ્કાર મહામંત્રની આરાધના કરીએ છીએ અને શક્તિકેન્દ્રથી પ્રારંભ કરીને સુષુમ્ણાના માર્ગથી જ્ઞાનકેન્દ્ર સુધી શ્વાસને લઇ જઇએ છીએ, તો તેનો અર્થ છે કે આપણે નીચેથી ઉપર તરફ આરોહણ કરી રહ્યા છીએ. તળેટીથી શિખર તરફ ચઢી રહ્યા છીએ. એ સ્થિતિમાં વૃત્તિઓનું મોં બદલાઇ જાય છે. તેઓ ઊર્ધ્વમુખી બની જાય છે. બુદ્ધિ જે નીચેની તરફ મોં કરીને લટકી રહી હતી, તે ઉપરની બાજુ મોં ફેરવી લે છે. આપણી બધી વાસનાઓ બુદ્ધિ અને વૃત્તિઓના ઊંધા મુખનો સહારો લઇને પોષાતી હતી. જ્યારે બુદ્ધિનું મોં બદલાઇ ગયું, વૃત્તિઓનું મોં બદલાઇ ગયું ત્યારે બિચારી કામનાઓ, વાસનાઓ સુકાવા લાગે છે અને ચેતનાનું ઊર્ધ્વારોહણ થવાનો પ્રારંભ થઇ જાય છે. **નમસ્કાર મંત્ર મહામંત્ર હોવાનું કારણ છે – વૃત્તિઓનું ઊર્ધ્વીકરણ, બુદ્ધિનું ઊર્ધ્વીકરણ. મંત્રનો એકેએક શબ્દ આત્મભાવનાનું ઊર્ધ્વીકરણ કરે છે. મે ચાર કારણો રજૂ કર્યા. એની સમાલોચના કરતાં કહી શકાય કે આ નમસ્કાર મંત્ર યથાર્થમાં મહામંત્ર છે.**

□□□



# નવકાર મંત્ર મંત્ર નહિં મહામંત્ર, શાસ્ત્ર નહિં મહાશાસ્ત્ર

## કિરણભાઇ

**શ્રી આચારાંગ** વગેરે શાસ્ત્રો **'શ્રુતસ્કંધ'** કહેવાય છે. જ્યારે શ્રી નવકાર **'પંચ મંગલ મહાશ્રુતસ્કંધ'** કહેવાય છે. સુવર્ણનું વજન ભલે ઘણું હોય પરંતુ એક અમૂલ્ય રત્નની કિંમત તેથી અનેક ગણી હોઇ શકે. આ નાનો દેખાતો **નવકાર મંત્ર** મહત્વમાં ઘણો મોટો છે. શું શ્રી નવકાર **મંત્ર** છે કે **શાસ્ત્ર** છે? **શ્રી નવકાર મંત્ર નહિ, મહામંત્ર છે, શાસ્ત્ર નહિ મહાશાસ્ત્ર છે.**

પ્રત્યેક શાસ્ત્રની શરૂઆતમાં **અનુબંધ ચતુષ્ટય** જણાવવામાં આવે છે. **મંગલ, અભિધેય, સંબંધ** અને **પ્રયોજન.** આ ચાર એટલે **અનુબંધ ચતુષ્ટય.**

આ **અનુબંધ ચતુષ્ટય**નું મહત્વ જ્યારે સૂક્ષ્મ રીતે વિચારાય છે ત્યારે તેની પાછળનું ઊંડાણ Psychological Depth સમજાય છે.

આ ચારમાંથી એક ન દર્શાવાય તો શું હાનિ? આ ચારેયનો એક બીજા સાથેનો સંબંધ શું છે? **અનુબંધ ચતુષ્ટય** દર્શાવવાથી શું લાભ? શાસ્ત્ર રચનામાં તેની ઉપયોગિતા શું?

આ વિચારણાઓ કોઇ પણ વિચારક, Advanced Thinker ને આપણા શાસ્ત્રકાર મહાપુરૂષ પ્રત્યે બહુમાન અવશ્ય ઉપજાવશે. બીજાં બધાં શાસ્ત્રોને **'શ્રુત સ્કંધ'** તરીકે સંબોધ્યા છે, ત્યારે નવકારને **'મહાશ્રુત સ્કંધ'** કહ્યો છે તો પછી નવકારમાં **અનુબંધ ચતુષ્ટય** હોવા જ જોઇએ.

એવું કહેવાય છે કે **શ્રી નવકાર પરમ કલ્યાણકારી મહાશાસ્ત્ર હોઇ** તેમાં ત્રણ મંગલ છે. શ્રી નવકારમાં પ્રથમ શબ્દ 'નમો' નો પ્રથમ અક્ષર 'ન' જ્ઞાનનો વાચક છે. જ્ઞાન મંગલ રૂપ છે 'ન' આદિ મંગલ દર્શાવે છે.

'લોએ' એ પદ દ્વારા મધ્ય મંગલ કરવામાં આવ્યું છે. શ્રી નવકારના છેલ્લા શબ્દ 'મંગલં' એ દ્વારા અંતિમ મંગલ થાય છે.

શ્રી નવકારમાં ત્રિવિધ મંગલ હોઇ સર્વ રીતે આ મહામંત્ર મંગલકારી છે, એ સ્પષ્ટ સમજાય છે. સર્વ મંગલોમાં આ પંચ નમસ્કાર પ્રથમ મંગલ રૂપ છે, શ્રેષ્ઠ મંગલ રૂપ છે. મંગલ એટલે શું? મંગલ શું અસરો કરે? મંગલથી શું લાભ?

મંગલ દ્વારા વિઘ્નો કઇ રીતે દૂર થાય..? આ સર્વે પ્રશ્નોના ઉત્તર, સૂક્ષ્મતામાં જનાર વિચારક જાણી શકશે. પરંતુ જો **શ્રી નવકારના મંગલનો અનુભવ કરવો હશે તો આરાધક બનવું પડશે.**

**શાસ્ત્રનું આ મંગલ આરાધના દ્વારા-સાધના દ્વારા મહામંગલનો અનુભવ કરવા માટેની અનુકૂળતાઓ પ્રગટાવશે.**

આ **અનુબંધ ચતુષ્ટય**માં શા માટે 'મંગલં' પ્રથમ છે? 'મંગલં' વગેરેનો જે ક્રમ છે તેનું વૈજ્ઞાનિકપણું શું છે? શાસ્ત્રાલેખન સિવાયની બીજી પ્રવૃત્તિઓમાં પણ **'અનુબંધ ચતુષ્ટય'** કઇ રીતે ઉપયોગી છે? આ બધી વિચારણાઓ ક્યારેક કરીશું.

मंग्यते साध्येत हितमनेनेति मंगलम् । જેનાથી હિત સધાય તે મંગલ. પરમહિત માત્ર ધર્મ વડે જ સાધી શકાય, માટે મંગલ એટલે હિત સાધનાર ધર્મને જે આપે તે. मंगं धर्मं ल्हातीति मंगलम् મંગ એટલે ધર્મને જે આપે તે મંગલ. मां यवत् संसारात् गालयति अपनयतीति मंगलम् મને સંસારથી ગાળે, મને સંસારથી દૂર કરે તે મંગલં.

સંસાર એટલે ભ્રમણ-Whirlpool, સંસાર એટલે કારાગૃહ Prision. કર્મો અનાદિથી લાગેલા છે અને આપણો સંસાર અનાદિથી છે. સંસારનો નાશ કરવો હશે તો કર્મનો નાશ કરવો પડશે. અને ધર્મ વડે જ કર્મનો નાશ થઇ શકશે. મંગલ એટલે દુઃખનો નાશ કરનાર. મંગલ એટલે સુખને આપનાર.

**શ્રી નવકાર પરમ મંગલ છે** કારણ કે નવકાર દુઃખના મૂળ Root Causeનો નાશ કરે છે. **શ્રી નવકાર પરમ મંગલ છે.** કારણ કે શ્રી નવકારથી સર્વ શ્રેષ્ઠ સુખ Purity Climax પ્રગટે છે. મંગલના બે પ્રકાર છે. દહિં, શ્રીફળ, અક્ષત, પૂર્ણ કળશ વગેરે **દ્રવ્ય મંગલ** છે. આ **દ્રવ્ય મંગલ**નું ફળ અનિશ્ચિત છે. મંગલ પ્રાપ્ત થાય, કદાચ ન પણ થાય. પ્રતિકૂળ કારણો હોય તો ન થાય. અહિંસા, સંયમ અને તપ રૂપી ધર્મો, સ્વાધ્યાય, ધ્યાન, જ્ઞાનાદિ ગુણો **ભાવ મંગલ** છે.

**ભાવ મંગલ** વડે અવશ્ય મંગલ પ્રાપ્ત થાય, **ભાવ મંગલ** પ્રતિકૂળ કારણોને વિખેરે છે, પ્રતિકૂળતાઓ ઓછી કરે છે, તેમને અનુકૂળતામાં ફેરવે છે. **દ્રવ્ય મંગલ** કરતાં **ભાવ મંગલ**નું મૂલ્ય ઘણું ઉંચુ છે. શ્રીફળ, અક્ષત અને સ્વસ્તિક સાથે અહિંસા, સંયમ અને તપને કેમ સરખાવી શકાય? **દ્રવ્ય મંગલ** અને **ભાવ મંગલ**ની તુલના કોઇ રીતે શક્ય નથી.

**દ્રવ્ય મંગલ**ની સ્થૂલ અસરો છે. જ્યારે **ભાવ મંગલ**ની સૂક્ષ્મ અસરો અને અસર પરંપરાઓ છે. (દ્રવ્ય મંગલ નિષ્ક્રિય Static છે, જ્યારે ભાવ મંગલ સક્રિય Dynamic છે.) દ્રવ્ય મંગલની ક્ષણજીવી અસરો Temporary Effective હોય છે. ભાવ મંગલની સ્થાયી અસરો Permanent Effective હોય છે. **વિશ્વના સર્વ દ્રવ્ય મંગલોમાં અને સર્વ ભાવ મંગલોમાં શ્રી નવકાર મહામંત્ર શ્રેષ્ઠ છે.**

પાપ ઇચ્છા એ રોગ છે, શરીરના રોગથી વધુ ભયંકર છે, એ કર્મનો રોગ છે. જ્યારે એવી ઇચ્છા થાય છે, ત્યારે આત્મ પ્રદેશોમાં કંપન થાય છે. ઇચ્છાની ચિકાશ વડે કર્મ બંધાય છે. હૃદયમાં જે પાપ ઇચ્છાઓ

પડેલી છે તે દ્વારા આ રીતે સતત કર્મ બંધાય છે.

શ્રી નમસ્કાર મહામંત્ર વડે કાયા ઉપર, વાણી ઉપર, મન ઉપર સમ્યક્ પ્રકારનું નિયંત્રણ આવે છે. કર્મબંધ તીવ્ર થતો નથી. આ પંચ નમસ્કારમાં શ્રી પંચ પરમેષ્ઠીનું આલંબન હોવાથી પાપ ઇચ્છાનો નાશ થાય છે. સમ્યક્ ઇચ્છાઓ પૂરી કરવાની, અને પાપ ઇચ્છાઓનો ક્ષય કરવાની જો કોઇની તાકાત હોય તો તે માત્ર શ્રી નવકાર મંત્રની છે. ઘણાં પૂછે છે કે શું શ્રી નવકાર વડે પાપ ઇચ્છા પૂર્ણ થાય? હું તેમને કહું છું કે પાપ ઇચ્છાથી પણ શ્રી નવકારની આરાધના કરનારને **'સફળતા'** મળે. **'સફળતા'**નું અર્થ રહસ્ય સમજવા માટે પ્રયત્ન કરીએ.

પાપ ઇચ્છા પૂરી થવી તેનું નામ સફળતા નથી પણ મહાન નિષ્ફળતા છે. પાપ ઇચ્છાનો ક્ષય થવો એ જ સાચી સફળતા છે. હજાર પ્રયત્ને પણ નાશ ન પામે એવી પાપ ઇચ્છાઓ નાશ પામી જાય એથી મોટી સફળતા કઇ?

અશુભ ઇચ્છાઓનો નાશ થવો, શુભ ઇચ્છાઓ જાગૃત થવી અને પરિપૂર્ણ થવી. આ અદ્‌ભૂત કાર્ય શ્રી નવકાર દ્વારા બની શકે. સર્વ પાપનો નાશ કરનાર આ મહામંત્ર પાપ ઇચ્છાને તો ટકવા જ કેમ દે? અને તેથી જ **પાપીમાં પાપીને પણ શ્રી નવકાર મંત્ર ગણવાનો જન્મસિદ્ધ હક્ક છે.** શ્રી નવકાર પાપનું ઝેર ઉતારનાર ગારૂડી મંત્ર છે.

શ્રી પંચ પરમેષ્ઠી ભગવંતો મહામંગલરૂપ છે. સુદેવ-શ્રી અરિહંત અને સિદ્ધ મંગલરૂપ છે. સુગુરૂ-શ્રી આચાર્ય, ઉપાધ્યાય, સાધુ મંગલરૂપ છે. સુધર્મ-'નમો'માં રહેલો ધર્મ મંગલરૂપ છે. દ્રવ્યથી શ્રી નવકારના આ પરમ પવિત્ર અક્ષરો મંગલરૂપ છે. ક્ષેત્રથી જ્યાં પણ શ્રી નવકાર મંત્રનો જાપ થાય છે તે સ્થાન મંગલરૂપ છે.

કાળથી જ્યારે શ્રી નવકારનું સ્મરણ થાય તેટલો કાળ મંગલમય જાણવો. ભાવથી આ પંચ નમસ્કારનો ભાવ સ્વયં મંગલરૂપ છે. શ્રી નવકાર એ શ્રેષ્ઠ ભાવ મંગલ છે. □□□

## પૂજ્યશ્રી જયંતભાઇ 'રાહી'ના સૂર અને શબ્દના સથવારે ચૈત્ર મહિનાના નવકાર મંત્ર જાપ અનુષ્ઠાન

**ચેમ્બુર તીર્થ મધ્યે**

ચૈત્ર સુદ-૧ને ગુરુવાર, તા. ૧૧-૪-૨૦૧૩

**ઘાટકોપર મધ્યે**

ચૈત્ર સુદ-૪ને રવિવાર, તા. ૧૪-૪-૨૦૧૩

**મુલુન્ડ મધ્યે**

ચૈત્ર સુદ-૧૫ને ગુરુવાર, તા. ૨૫-૪-૨૦૧૩

**શ્રી નમિનાથ જિનાલય-પાયધુની મધ્યે**

ચૈત્ર વદ-૧૧ને રવિવાર, તા. ૫-૫-૨૦૧૩

## યુવા જગત – અનુસંધાન ૧૭મા પાનાથી ચાલુ

**પ્રશ્ન : જૈન સાહિત્યકારોએ કોષ બનાવ્યા છે?**

**ઉત્તર :** જેમણે ભાષાનાં તમામ અંગોને સમૃદ્ધ કર્યા હોય તે કોષો બનાવ્યા વિના કેમ રહે? તેમણે **પ્રાકૃત, અપભ્રંશ, સંસ્કૃત** અને **દેશી ભાષા**ના કોષો બનાવેલા છે. એ બધામાં શ્રી હેમચંદ્રાચાર્યકૃત **અભિધાનચિંતામણિ અને અનેકાર્થનામમાલા, દેશીનામમાલા, શેષનામમાલા, નિઘટુશેષ, શિલાંછનામમાલા તથા ધનંજયનામમાલા વગેરે** મુખ્ય છે.

**પ્રશ્ન : જૈન સાહિત્યકારોએ જ્યોતિષ, ખગોળ સંગીત અને શિલ્પ પર કંઇ લખ્યું છે?**

**ઉત્તર :** હા, જૈનાચાર્યોએ જ્યોતિષમાં **આરંભસિદ્ધિ, નારચંદ્ર** વગેરે, ખગોળમાં **ક્ષેત્રસમાસ, યંત્રરાજ** વગેરે, સંગીતમાં **સંગીતસાર** વગેરે અને શિલ્પમાં **વસ્તુસાર** વગેરે ગ્રંથો રચેલા છે.

**પ્રશ્ન : જૈનાચાર્યોએ ઉપદેશ અને તત્ત્વમાં શું સાહિત્ય સર્જેલું છે?**

**ઉત્તર :** જૈનાચાર્યોએ ઉપદેશ અને તત્વમાં રચેલા સાહિત્યનું પ્રમાણ ઘણું મોટું છે. તેમાંના કેટલાક નામો અહીં આપીએ છીએ. ઉપદેશમાં **ઉપદેશમાલા, ઉપદેશપદ, ઉપદેશરત્નાકર, ઉપદેશપ્રાસાદ** વગેરે અને **તત્ત્વમાં તત્ત્વાર્થાધિગમશાસ્ત્ર, વિશેષાવશ્યકભાષ્ય, જીવવિચાર, નવતત્વ** વગેરે પ્રકરણો તથા **છ કર્મગ્રંથ** વગેરે છે.

**પ્રશ્ન : જૈન સાહિત્યકારોએ મંત્ર-તંત્ર પર કંઇ લખ્યું છે?**

**ઉત્તર :** હા. જૈન સાહિત્યકારોએ મંત્ર-તંત્ર પર પણ લખેલું છે. તે સિવાય બીજા ગૂઢ વિષયો પર પણ લખેલું છે. આ બધા વિષયોના ગ્રંથોની માહિતી **જૈન ગ્રંથાવલી** તથા **જૈનરત્નકોષ** વગેરે ગ્રંથોમાં આપેલી છે.

**પ્રશ્ન : આ હિસાબે જૈન સાહિત્યનું પ્રમાણ કેટલું ગણાય?**

**ઉત્તર :** સાગર જેટલું વિશાળ. માનવજીવનને સ્પર્શ કરતો કોઇ વિષય એવો નથી કે જેના પર જૈન સાહિત્યકારોએ કંઇ પણ લખ્યું ન હોય. ભારતીય સાહિત્યના સર્જનમાં જૈન સાહિત્યકારોનો ફાળો અપૂર્વ અને અજોડ છે. □□□

## 'નવકારનો રણકાર' અંગે શ્રી જયંતભાઇ રાહીનો સંપર્ક

**'નવકારનો રણકાર'** અંગેની કોઇપણ વિગતો માટે, અનુદાન માટે, સમાચારો, પ્રસંગો કે લેખ સામગ્રી આપશ્રી **શ્રી જયંતભાઇ 'રાહી'**ને પણ પાઠવી શકો છો. તેમનો સંપર્ક નીચેના સરનામે કરી શકાશે.

**શ્રી જયંતભાઇ 'રાહી'**

**શ્રીપાલ, ફલેટ નં. ૪, છાયા સોસાયટી, ચેમ્બુર નાકા, એસ.ટી. રોડ, ચેમ્બુર, મુંબઇ-૪૦૦૦૭૧.** ફોન : **૨૫૨૨૬૯૫૮, ૨૫૨૮૬૭૧૬**



# નવકાર મંત્રનો પ્રચંડ પ્રભાવ

સંકલન : હંસા રમેશ મહેતા (નવી મુંબઈ)

## નવકાર પ્રભાવના - મારા અનુભવો

નવકાર મંત્ર એ મહામંગલકારી, સૌથી શક્તિશાળી અને પરમપદને અપાવનાર મહામંત્ર છે. મારી જિંદગીના દરેક કપરા પ્રસંગો દ્વારા નવકાર મંત્ર પ્રત્યેની મારી શ્રદ્ધા ઉત્તરોત્તર વધારે પ્રગાઢ થતી જાય છે. આમ તો મને માત્ર નવરાશની પળોમાં નવકારમંત્રનો જાપ કરવાની આદત હતી, પણ મારા જીવનમાં બનેલી ઘટનાઓ પછી રાત-દિવસ ગમે-તેવા કામની વચ્ચે પણ મારા મનમાં ને મુખમાં સતત નવકારમંત્ર જ હોય છે.

**મારો પ્રથમ અનુભવ :** આમ તો હું મૂળ કચ્છ માંડવીની, પણ ઉચ્ચ અભ્યાસ માટે અમદાવાદ હોસ્ટેલમાં રહેતી હતી. તા. ૨૬મી જાન્યુઆરીનો ભૂકંપનો એ ગોઝારો દિવસ! મારા નિયમ મુજબ એ દિવસે હું નવકારવાળી ગણતી હતી. અચાનક જ આખો રૂમ ધ્રૂજવા લાગ્યો. મારા કબાટનો ખખડવાનો અવાજ આવવા લાગ્યો. ચારે બાજુથી ચીસાચીસ સંભળાતી હતી. નવકારની માળા ગણવી અધૂરી છોડી વચ્ચે ન ઊઠવાનો મારો નિયમ હતો. જ્યારે માળા પૂરી થઇ, ત્યારે જોયું કે મારા રૂમમાં અને આખી હોસ્ટેલમાં માત્ર હું એકલી જ હતી. પણ ડરવાને બદલે મારા મુખમાં નવકારનું સ્મરણ હતું. હું બીજે માળે હતી. આંચકાઓ હજી ચાલુ હતા. નીચેથી બધાં મારા નામની બૂમો પાડતા હતા. એ ચાલુ આંચકે ધ્રૂજતા દાદરા પરથી નીચે ઊતરીને હું હેમખેમ બહાર આવી. મને નાની સરખી પણ ઇજા ન થઇ. હું જરા પણ ગભરાઇ ન હતી કારણ કે મારી સાથે મારો નવકારમંત્ર હતો. આખી હોસ્ટેલમાં બધા મારી નવકાર મંત્ર પ્રત્યેની શ્રદ્ધાથી પ્રભાવિત થઇ ગયાં, અને બધાએ નવકારના સામૂહિક જાપ આખો દિવસ કર્યા.

**મારો બીજો અનુભવ :** બીજો અનુભવ પણ ભૂકંપ સમયનો જ છે. જ્યારે હું ૨૬મી તારીખે અમદાવાદ હતી,મારાં બધાં સ્વજનો ભૂજ અને માંડવીમાં જ હતા. મને તેમના કોઇપણ સમાચાર ન હતા. તે સમય દરમિયાન સતત બે દિવસ સુધી અવિરત મેં નવકાર મંત્રના જાપ કર્યા હતા. ત્રીજે દિવસે સવારે હું માંડવી જવા માટે નીકળી. મને બધી બાજુથી માત્ર ખરાબ સમાચાર જ મળતા હતા. મારી બધી બહેનપણીઓ, હોસ્ટેલના મેડમ, એક કાકા બધાએ ખાતરીપૂર્વક કહ્યું હતું કે, ''તારા સ્વજનોમાંથી કોઇક જ બચ્યા હશે, અને ભૂજના તો દરેક જણ મૃત્યુ જ પામ્યા હશે.'' કારણ કે મારું આખું મોસાળ ભૂજના વાણિયાવાડમાં રહેતું હતું. જ્યાં ખૂબ જ જાનમાલની ખુવારી થઇ હતી. પણ મને નવકાર મંત્ર પર અતૂટ શ્રદ્ધા હતી. મને સંપૂર્ણ વિશ્વાસ હતો કે 'મારા પરિવારજનો પર કોઇ પણ પ્રકારની આપત્તિ નહિ આવે.' અમદાવાદથી માંડવી સુધીના રસ્તે ચોવિયારો ઉપવાસ અને સતત નવકારમંત્રનું રટણ. ભચાઉથી ભૂજ સુધી ભૂકંપની તારાજી જોઇને પણ ક્ષણવાર માટે પણ મને મનમાં એમ ન થયું કે 'આટલું બધું નુકસાન થયું છે, તો મારા કુટુંબીઓને પણ નક્કી કાંઇક તો થયું જ હશે! માંડવીમાં પગ મૂકતાંની સાથે જ મને સમાચાર મળ્યા કે - 'મારો આખો પરિવાર હેમખેમ ઉપાશ્રયમાં છે.' ઉપાશ્રયમાં જઇને મને ખબર પડી કે 'મારા ભૂજના દરેક સ્વજનનો ચમત્કારિક રીતે બચાવ થયો છે.' આ સાંભળીને નવકારમંત્ર પ્રત્યેની મારી શ્રદ્ધામાં અનેકગણો વધારો થઇ ગયો.

**મારો ત્રીજો અનુભવ :** આ અનુભવ મારા લગ્ન બાદનો છે. મારું સાસરું ઘાટકોપરમાં છે અને કોઇ કામસર હું હાઇવે પર કાઇનેટિક લઇને ગઇ હતી. મુંબઇમાં આવીને કોઇ પણ વાહનમાં બેસતાંની સાથે જ મારો નવકાર મંત્રનો જાપ શરૂ થઇ જાય છે. એ દિવસે પણ નવકાર ગણતાં ગણતાં હું કાઇનેટિક ચલાવતી હતી. મને રસ્તાની હજી બહુ ખબર ન હતી. શોર્ટકટમાં જવા માટે થઇને હું એક અજાણ્યા રસ્તા પર નીકળી ગઇ. ક્યાંક દૂર સુધી ગયા બાદ પણ મને રોડ ન આવ્યો. હું કુર્લાની એક ગલી કે જેમાં માત્ર મુસ્લિમ ભાઇઓના લત્તામાં આવી ગયેલ. તેમાં ઘણા મને ખરાબ નજરથી જોતા હતાં. થોડીવાર માટે હું ડરી ગઇ. એવામાં રસ્તો પૂછું પણ કોને? તરત જ મારા ડર પર નવકારમંત્રનો શ્રદ્ધાનો પાનો ચડી ગયો. મેં હિંમત કરીને એક દુકાનવાળાને ઘાટકોપર જવાનો રસ્તો પૂછ્યો. તેમણે તરત જ નાના છોકરાને મને હાઇવે સુધી પહોંચાડી જવા કહ્યું. આમ હું સહીસલામત ઘરે આવી ગઇ. ઘરે આવ્યા બાદ મને જાણવા મળ્યું કે એ એરિયામાં જવું સ્ત્રીવર્ગ માટે અતિ જોખમી હતું. સાધારણ રીતે એ એરિયામાંથી પસાર થતાં સૌ કોઇ ગભરાય. નવકારમંત્રના ચમત્કારથી દેવદૂત બનીને એ બાળક મને સહીસલામત મૂકી ગયો. આવા તો અનેક અનુભવો જીવનના ડગલે ને પગલે થયા છે ને નવકાર મંત્રનો શ્રદ્ધાપૂર્વક જાપ એ મારા જીવનનો એક અભિન્ન અંગ બની ગયું છે.

- નિરાલી દેવાંગ પટેલ - ઘાટકોપર




# કડવા ફળ છે ક્રોધના !

**પૂ. આચાર્યદેવ શ્રી યશોવર્મસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

ક્રોધ! કરોડપતિને'ય ન પોષાય એવો ખર્ચાળ છે. કિંમતી ઇશારોને ગંભીર ચેતવણીને લઇને બેઠેલું આ વાક્ય છે. ક્રોધનું ચૂકવણું ભારે છે. જે ચૂકવતા ક્યારેક આખી જિંદગી પૂરી થઇ જાય તો'ય એ ચૂકવણું પૂરૂં નથી થતું. એટલે કે ક્રોધથી થયેલું નુકશાન આખી જિંદગી સુધી માણસ ભોગવે છે. દિલ્હીની બનેલી ઘટના. જેણે જેણે પેપરમાં વાંચી હશે એ આજ સુધી નહી ભૂલી શક્યો હોય. રમેશ નામનો રીક્ષાચાલક, એનો એકનો એક દીકરો. લાડકો છોકરો પરીક્ષાનું રીઝલ્ટ લઇ ઘરે આવ્યો. નસીબ જોગે રમેશ એ દિવસે ઘરે જ હતો. છોકરાનું રીઝલ્ટ એણે જોયું. છોકરો ફેલ થયો હતો. રમેશ ઉભો થયો ને 'હરામખોર' એમ બોલતા એ છોકરા ઉપર તૂટી પડ્યો. તમાચા, મુક્કા ને લાતોથી એણે દીકરાને ખૂબ માર્યો. છોકરાની મા વચ્ચે પડી એને પણ ધક્કો મારી પાડી દીધી. છોકરો રડતો રહ્યો, માફી માંગતો રહ્યો.

પણ.. રમેશ ભયાનક ગુસ્સામાં પાગલ બની ગયો હતો. છેલ્લે પપ્પા.. પપ્પા.. કરતો છોકરો બેહોશ થઇ ગયો. પછી તો અવાક થઇ ગયેલો રમેશ રડવા માંડ્યો. પતિ-પત્ની બંને મળી હોસ્પિટલ લઇ ગયા. પણ થોડીક ટ્રીટમેન્ટ પછી દીકરાએ આંખ ઢાળી દીધીને ડૉક્ટરોએ જ્યારે કહ્યું **હવે દીકરો નથી** ત્યારે તો પત્નીએ પાગલ બની ચીસો પાડી. રમેશનું છાતીફાટ રૂદન બધાને રડાવી ગયું. પણ હવે શું? દીકરાની લાશ લઇ બંને ઘરે આવ્યા, ઘરે આવતાની સાથે જ બંને જણે બેટા! બેટા! બોલતા પાગલ બની માથા પછાડ્યા. પણ.. ક્રોધના દાવાનલમાં ભડથું થઇ ભસ્મ થઇ ગયેલું બાળક હવે ક્યાંથી આવવાનું?

સાચું જ લખ્યું છે યોગશાસ્ત્રમાં ક્રોધી ચંડાલ જેવો છે. ચંડાલ જેમ નિર્દય હોય છે એમ ક્રોધાન્ધ નિર્દય હોય છે. **નિર્દય ને હૃદય ન હોય.** એટલે કે હૃદય હોય તે નિર્દય ના હોય. હૃદય ખોઇને માણસ નિર્દય બની શકે છે. ક્રોધ માણસને ક્રૂર બનાવીને રહે છે. ક્રોધ માણસને નિર્દય બનાવીને રહે છે. ક્રોધ માણસને અવિવેકી બનાવીને રહે છે. ક્રોધ માણસને હિંસક ને હત્યારો બનાવીને રહે છે.

પરશુરામની કથા... ક્રોધની નિર્દયતાને નિષ્ઠુરતાની સાક્ષી છે! એક વ્યક્તિના નિમિત્તે આવેલો ગુસ્સો ક્યાં પહોંચ્યો! 'આખી ય પૃથ્વીને **ક્ષત્રિય વિનાની કરીશ' એવી એણે પ્રતિજ્ઞા કરી.** અને પૃથ્વીના વિશાળ પટ પર જ્યાં જ્યાં ક્ષત્રિયો વસતા હતા એ બધી જ વસ્તીમાં એણે હાહાકાર મચાવી દીધો. આખે આખી વસ્તીને એણે ક્રૂર રીતે રહેંસી નાખી ને છૂટા છવાયા જ્યાં જ્યાં ક્ષત્રિયો હતા, તેને ય વીણી વીણીને એણે તલવારથી કાપી નાખ્યા! લોહીની તો નદીઓ વહાવી દીધી તોય એનો ક્રોધ શાંત ના થયો. શંકા પણ પડી કે આ ક્ષત્રિય છે, એને ય એણે કાપી નાખ્યા.

**ક્રોધને અટકાવીએ નહિ તો એનો વિસ્તાર વધતો જાય છે. ક્રોધને રોકીએ નહિ તો એનો વિનાશ વધતો જાય છે! ક્રોધ એવી આગ છે જે લાગ્યા પછી લગાડનારના હાથમાં નથી રહેતી,** અને ત્યાં સુધી કે એ લગાડનારને ય અંતે ભસ્મ કરીને રહે છે. **સળગેલી દિવાસળી અંતે પોતે ય ખાખ થઇને રહે છે.** જો કે અગ્નિ કરતાં ક્રોધ ભયંકર છે. અગ્નિ તો વચ્ચે આવે એને બાળે, ક્રોધ તો બાજુમાં ઊભેલાને ય બાળે! અગ્નિ તો અડે એને બાળે, ક્રોધ તો આઘા રહેલાને ય બાળે! અગ્નિ તો ખાડા આવતા અટકે, પહાડ આવતા અટકે, પાણી આવતાં ને દરિયો આવતા અટકે પણ ક્રોધ તો દરિયાપાર જઇને ય નાશ ને વિનાશ વેરે છે. એથીયે આગળ ભવને પેલે પાર જઇ હદ બહાર જઇ સર્વનાશ નોંતરે છે.

**ચંડકૌશિકની ઘટના** આ વાતની શાખ પૂરે છે. એક શિષ્યને માટે કરેલો ક્રોધ, ભવ સમાપ્ત થતા સમાપ્ત ન થયો. બીજા ભવમાં ને ત્રીજા ભવમાં ય એ સાથે આવ્યો. ને તેય વધતો વધતો જ આવ્યો. એક વાત યાદ રાખવા જેવી છે. સેવેલા કષાયોથી કરેલા પાપો બીજા ભવમાં જઘન્યથી દસગણા બની ઉદયમાં આવી શકે છે. એટલે કે ક્રોધાદિ ભાવોનો તાત્કાલિક બને તેટલો જલ્દી નિકાલ કરી નાખો નહિ તો એ જોખમી બનતા જશે. ચંડકૌશિક સર્પ બનતા પહેલાના સાધુના ભવમાં કરેલો ગુસ્સો. પ્રત્યેક ભવમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી વધતો જ ગયો. ને તે ઠેઠ અનંતજીવોની હિંસા ને હત્યા કરાવતો ગયો. ને છેલ્લે તો પ્રભુ મહાવીરસ્વામી ભગવાનને ય ભસ્મ કરવા સુધી પહોંચ્યો. **ક્રોધ વિવેકનો શત્રુ છે.** गुरुकोव जलणजाला कलावसविसेस कवलिय विवेगो, न विगागई अप्पाणं परं च परमत्थओ पुरिसो।। પરમાર્થી-આત્માનું હિત ક્રોધી વિવેકહીન બની ગુમાવી બેસે છે.

એક નાનકડી કથા : **દ્વૈપાયન ઋષિ...** સાધનાની દુનિયાનો જીવ, સાધનારત આ ઋષિને એક દિવસે કોપ ચઢ્યો, યાદવકુમારોએ એમને હેરાન કર્યા ને એ બોલ્યા તમારી આ ઉદ્ધતાઇનો અવિવેકનો હું બદલો લઇશ. ને બીજે ભવે આખી દ્વારિકાને એમણે બાળી નાખી. બે ચાર રાજકુમારોની ભૂલે.. એમણે આખી ય દ્વારિકાને બાળી; એમણે એમાં ભૂલ પણ ન દેખાઇ, ભયંકર ક્રોધમાં એમણે લાખો લોકોને જીવતા બાળી નાખ્યા, લાખો સ્ત્રી-પુરુષો બાળકો.. બધા જ રાખ થઇ ગયા. એક ઋષિ પણ ક્રોધની અંદર

ભાન ભૂલ્યા, તો સર્વનાશ કરી બેઠા.

**હકીકતમાં ક્રોધ સંસારી કે સાધુ બંનેને નીચે ઉતારે જ** એટલે જ **ઠાણાંગસૂત્રાગમમાં** પાંચ પ્રકારના મુંડનમાં પહેલું જ લખ્યું કોહં મુંડે... પછી... માણં મુંડે... માયા મુંડે... લોભ મુંડે... એ ચાર કષાયોમાં પણ પહેલા ક્રોધ જ મૂક્યો છે. કેમ કે ક્રોધ ચારે કષાયોમાં સૌથી જલ્દી બીજાને નુકશાન પહોંચાડે છે.

**અમદાવાદ**ની એક ચાલીમાં બનેલી ઘટના કમકમાવી દે તેવી છે. ચાલીના બધા જ ભાડૂઆતો પાણી ભરવા નળ પાસે ડોલ, તપેલાં, માટલાં ગોઠવે. જે પહેલો આવ્યો તે પહેલો ભરે. રોજનો આ ક્રમ. એક દિવસ મકાનમાલિકની પત્ની પાણી ભરવા આવી, એણે બીજાની ડોલ દૂર હડસેલી ને પોતાની ડોલ મૂકી. ભાડૂઆત બહેન કહે ‘તમે મારી ડોલ ભરાય પછી મૂકો. તમારી ડોલ લઇ લો.’ ચાલી માલિકની પત્ની કહે, ‘હટ્ હું માલિકણ છું. તું પછી ભરજે.’ બસ ઝઘડો વધતો ગયો ને પેલી બાઇએ પોતાની ડોલ ખસેડી નહિ. ભાડૂઆત બેનને કાળઝાળ ગુસ્સો આવ્યો. એ સીધી દોડી પહેલે માળે પોતાની રૂમમાં ગઇ. આખા શરીરે એણે ઘાસતેલ છાંટ્યું ને આખો ડબ્બો ઉંધો વાળી દીધો. પછી દિવાસળી ચાંપી દીધી, ભયાનક આવેશમાં ચીસ પાડતી સળગતી દોડતી દાદરા પાસે આવી. આ બાજુ મકાનમાલિકની સ્ત્રી પાણી લઇ દાદરો ચઢી રહી હતી. એને જોતા જ એણે ભયાનક રાડ પાડીને કહ્યું ‘ઊભી રહે હવે તને નહિ છોડું’ ને એ દોડતી અડધે દાદરે મકાનમાલિકણને વળગી પડી. મકાનમાલિકણે છૂટવા માટે ઘણા તડફડીયા માર્યા. પણ વ્યર્થ, એ છૂટી ના શકી, ને એ ય સળગવા માંડી એની મરણચીસોએ આખી ય ચાલીને ગજવી મૂકી. આખી ચાલી ભેગી થઇ ગઇ પણ કોઇ કશું કરી ના શક્યું.. બધાની નજર સામે બંને સ્ત્રીઓ ભયાનક દાઝી, દાદરા ઉપરથી નીચે ગબડી પણ તોય ભયાનક ક્રોધમાં પાગલ બનેલી ભાડૂઆત સ્ત્રી બોલતી જ રહી કે હું તને નહિ છોડું અને છેલ્લે જ્યારે બંનેને છૂટા પાડ્યા, ત્યારે બચવાની આશા ઉપર મૂકાયેલા મીંડા સાથે છૂટા પડ્યા, આખીય ચાલીમાં હાહાકાર મચી ગયો. બે પરિવાર એક સાથે બરબાદ થઇ ગયા કારણ માત્ર.. એક પાણી પહેલા ભરવાની બાબતે આવેલો ક્રોધ.

યાદ રહે **ક્રોધના કારણો નજીવા હોય છે, પરિણામો જીવલેણ હોય છે! ક્રોધ... જીવલેણ ને જાન લેવા પછી પણ હોય છે** અને ક્રોધથી જતા જીવો સદ્ગતિએ જતા નથી. **સદ્ગતિનો શત્રુ એનું નામ ક્રોધ!** પ્રશમરતિ ગ્રંથ જે પૂર્વધરે રચેલો મહાગ્રંથ છે એમાં એક માર્મિક શ્લોક છે क्रोध परितापकर: सर्वस्य उद्वेगकारक: क्रोध: । वैरानुषङ्ग जनक: क्रोध: सुगतिहन्ता।। સુગતિ-સદ્ગતિનો હણનારો છે ક્રોધ. એક ક્રોધના કારણે જ તો પ્રભુએ શ્રેણીક રાજાના પ્રશ્નોત્તરમાં ફરમાવ્યું કે હમણાં જો પ્રસન્નચંદ્ર રાજર્ષિ કાળધર્મ પામે તો સાતમી નરકમાં જાય, કારણ સાધુના વેશમાં આવેલો ભયાનક ક્રોધ **ક્ષણ પછી જેને કેવલજ્ઞાન થવાનું છે તેને ય એકવાર તો નરકના દ્વારે ખડા કરી દે એટલો ખતરનાક છે ક્રોધ!**

બીજી એક વાત. માન-માયા ને લોભ મોડા અસર કરે પણ ક્રોધ તો તરત જ બીજા પર અસર કરે. માનની સામે માન, માયાની સામે માયા ને લોભની સામે લોભ Rebounce જલ્દી નથી થતો પણ ક્રોધની સામે ક્રોધ તરત Rebounce થશે એ તરત જ બીજાને પરિતાપ કરશે. તુરત જ બીજાને ક્રોધિત કરશે એટલું જ નહિ માન-માયા ને લોભ બીજાને ઉદ્વેગ કરે કે ન કરે પણ ક્રોધ બધાને જ ઉદ્વેગ કરે. એક વ્યક્તિનો ક્રોધ આખા ઘરની ખુશીને ફાંસી આપી દે છે. એટલું જ નહિ પણ પોતાનામાં પરિવારમાં કે બીજામાં વેરની પરંપરાને ચાલુ કરી દે છે ક્રોધ સમરાદિત્ય કથા પ્રત્યેક ભવભીરૂને ધર્મપ્રેમીએ એકવાર તો વાંચવા જેવી જ છે. એક વેરની પરંપરા કેટલા ભવો સુધી. આત્માને હેરાન પરેશાનને બરબાદ કરે છે તેની કરૂણ દાસ્તાન દિલને દર્દના દરિયામાં ડૂબાડી દેવા સમર્થ છે. તો પરમાત્મા પાર્શ્વપ્રભુના દસભવોની કથા.. વ્યથાની આગમાં મનને દઝાડી દે એવી જ છે. એક નાનકડો ક્રોધ કેટલો બધો ભયાનક છે કે દસ દસ ભવો સુધી પ્રભુને એ જીવ પરેશાન કરતો રહ્યો. છેલ્લે પરમાત્મા બનવાના ભવમાં ય પ્રભુને એ મેઘમાળી બની હેરાન કરવા તૂટી પડ્યો જો કે.. પ્રભુની ક્ષમા અલૌકિક રહી તે વાત જુદી. બાકી ક્રોધી પ્રભુને ય ન છોડે તો ગુરુ, સ્વજન કે અન્યજનની વાત ક્યાં? દ્રૌપદી-દુર્યોધન અને મહાભારત આ બધા યુદ્ધો આખિર ક્રોધને જ આભારી હતા.

પ્રભુ મહાવીરસ્વામી ભગવાનના કાનમાં ઠોકાયેલા ખીલા એ ય આ ક્રોધને જ આભારી હતા. ભલે આ ભવમાં કશું ય નો’તું કર્યું પણ પૂર્વ ભવોમાં કરેલો ક્રોધ આટલા ભવો પછી ય હિસાબ ચૂકતે કરી ગયો, ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં પ્રભુ રાજા હતા. એ રાતે રજવાડી પલંગમાં પોઢે પણ એમને પોઢાડવા માટે ધીમું ધીમું મધુર સંગીત ચાલે, રાત્રિની નીરવતામાં આ સંગીત ઉંઘ લાવી દે તેવું અદ્ભૂત વાગતું ને રાજાને ઉંઘ ચઢે, ને શય્યાપાલક સંગીતબંધ કરી દે. એક દિવસ એવું બન્યું સંગીત પૂરબહારમાં ખીલ્યું ને એના ઘેનમાં શય્યાપાલક ભાન ભૂલ્યો. રાજા સૂઇ ગયા, એનું ધ્યાન રહ્યું નહિ, ને રાજાની ઉંઘમાં ખલેલ પડી. રાજાની ઉંઘ ઉડી ગઇ બગડી ગઇ અને રાજાએ રાડ પાડી. શય્યાપાલક થથરી ગયો, રાજાનો ગુસ્સો સાતમે આસમાને પહોચ્યો. બીજે દિવસે સવારે રાજદરબારમાં રાજાએ શય્યાપાલકને ખૂબ ધમકાવ્યો. ને ક્રોધમાં ભાન ભૂલેલા રાજાએ ત્યાં ને ત્યાં સૈનિકોને આજ્ઞા કરીને શય્યાપાલકને પકડીને સૂવાડી દેવામાં આવ્યો ને એના કાનમાં ભર્યા દરબારમાં ઉકળતું સીસું રેડવામાં આવ્યું. શય્યાપાલકે ખૂબ કાકલુદી કરી પણ એ બચી ના શક્યો. ભયાનક તડફડાટ સાથે એણે પ્રાણ છોડ્યા. પ્રભુ મહાવીરસ્વામી ભગવાનના કાનમાં ખીલા ઠોકાણા એના બીજ અહીં વવાયા હતા.

ક્રોધ વશ જીવ જ્યારે બને છે ત્યારે એની ક્રૂરતા ખાટકીને’ય પાછા પાડે એવી ભયંકર હોય છે. **બ્રહ્મદત્ત ચક્રવર્તીની વાત...** ક્રોધની નાત અને જાતની ઓળખાણ આપવા કામ લાગી શકે. એક બ્રાહ્મણના ગુનાએ આખી બ્રાહ્મણ જાતને આંધળી કરવા બ્રાહ્મણોને પકડી-પકડીને એમની આંખોને છરા ને ચીપીયાથી ખેંચી-ખેંચીને થાળમાં ભરીને લાવવાનો ઓર્ડર કર્યો અને રોજેરોજ બ્રહ્મદત્ત પૂરા ક્રોધથી ક્રૂરતાથી એ થાળમાં રહેલી આંખોને મસળી-મસળીને બહાર ફેંકતાને અટ્ટહાસ્ય કરતા એનો પિશાચી આનંદ મંત્રીઓને સૌને કમકમાવી જતો પણ બધા લાચાર હતા. એક ક્રોધના કારણે કેટલાની જિંદગીની રોશની છીનવીને તરફડીને એ મર્યા હશે. આ ક્રોધે જેની સેવામાં ૩૨-૩૨ હજાર રાજાઓ હતા. જેની સેવામાં હજારો હજારો દેવતાઓ હતા, એવા ચક્રવર્તી બ્રહ્મદત્તને સાતમી નરકની, અબજોને અબજો વરસોની ૩૩ સાગરોપમની ભયાનક નરકની સજા ઝીંકી દીધી.

**ઝેર કરતા ક્રોધ ભયંકર છે. ઝેર મારે જ એવું નથી, નુકશાન કરે જ એવું પણ નક્કી નથી પણ ક્રોધ તો નુકશાન કરે જ. અને તેય લાંબા ગાળાનું.** હજુ એક વાત.. ઝેર મારી નાખીને પૂરૂં કરે પણ ક્રોધ જીવતા રાખીને રીબાવે. તૂટેલા સંબંધો જીવનભર સતાવતા હોય છે. હૃદયને પીડતા હોય છે, ને ક્યારેક કાર્યોમાં નડતા હોય છે. હજી એક વાત... ઘણીવાર માણસ ઝેર પીને આપઘાત કરે, એ ઝેર પીવા પાછળ કારણ પણ ક્રોધ હોય છે. ઝેર ક્રોધનું કારણ નહીં બને પણ ક્રોધ ઝેરનું કારણ બની શકે. વાલકેશ્વર કલ્પતરૂ બિલ્ડીંગમાંથી કૂદીને આપઘાત કરનારી ભારતી અબજોપતિની પુત્રવધૂ હતી. ઓછું કાંઇ નહોતું, આવેશ વધુ હતો. ક્રોધના કારણે જ એણે પડતુ મૂક્યું હતું. **ક્રોધ અંગત જીવનની રંગત બગાડી એક બીજાને દુશ્મનની પંગતમાં બેસાડે છે. ક્રોધની સંગત કરવા જેવી નથી.**

હમણાં જ એક વાત ફરી વાંચી. બે ભાઇ વચ્ચે થયેલા કલેશે મોટાભાઇનો મરતે સમયે જીવ અટકાવી રાખ્યો. એમણે છેલ્લે દીકરાને કહ્યું બેટાઓ! મારા જીવને શાંતિ નથી, મારો જીવ જતો નથી. છોકરા અને પત્ની કહે તમારી જે ઇચ્છા હોય તે કહો. કોઇ અભરખા મનમાં રાખશો નહી, અમે બધું જ પૂરૂં કરશું. તમારા મનમાં જે હોય તે કહી દો. એ વખતે પીડાથી કણસતા એ ભાઇ માંડ-માંડ બોલ્યા કે હું કહીશ તે તમે કરશો? છોકરાઓએ વચન આપ્યું પિતાજી જે ઇચ્છા હોય તે કહો અમે પૂરી કરશું. એ વખતે દર્દથી કણસતા એ બોલ્યા દીકરાઓ! તમને ખબર છે તમારા કાકાને અને મારે મનદુઃખ છે, અબોલા છે, ઝઘડો છે, હું એ નીચનું મોં પણ જોતો નહોતો એને ખતમ કરવા ઘણા પ્રયત્નો કર્યા પણ દર વખતે એ છટકી ગયો આજે મારો જીવ જતો નથી, મૂંઝાય છે એનું કારણ આ જ છે. તમે મને વચન આપો કે મારા મર્યા પછી મારી ઇચ્છા તમે પૂરી કરશો. જો તમે.. ત્યાંજ ભયાનક શ્વાસ ચઢ્યો ને ડૉક્ટરોએ ઓક્સિજન લગાડી દીધો અને બોલવાની મનાઇ કરી દીધી. પણ ક્રોધ ક્યાં શાંતિથી રહેવા દે, થોડીક વારે ફરી એમણે દીકરાઓને કહ્યું મને વચન આપો, મારા મર્યા પછી તમે મારૂં વેર પૂરૂં કરશો. **કેવું ! જીવન પૂરૂં થઇ જાય છે પણ વેર અધૂરૂં રહી જાય છે. યાદ રહે આયુષ્ય બાકી નથી રહેતું વેર બાકી રહે છે.**

દીકરાઓએ કહ્યું પપ્પા તમે શાંતિથી સૂઇ જાઓ, ડૉક્ટરે બોલવાની ના પાડી છે. પણ જ્યાં ક્રોધાગ્નિ ભડકે બળે ત્યાં શાંતિ ક્યાંથી મળે. પહેલા મને કહો તમે મારી ઇચ્છા પૂરી કરશો કે નહીં? છોકરાઓ કહે પપ્પા! બધું કરશું અત્યારે તમે શાંતિથી આરામ કરો. નહીં... પહેલા મને વચન આપો તમે મારો બદલો લેશો. જો તમે વચન નહીં આપો તો મારો જીવ મૂંઝાશે ને અવગતિએ જશે. કોણ સમજાવે ક્રોધીને કે **જીવ અવગતિ એ અવમતિથી જાય છે.** પત્નીએ કહ્યું બધું જ થશે તમે અત્યારે બોલો નહીં શાંતિથી સૂઇ જાઓ. તું મારૂં મોત બગાડવાની ને એમની આંખમાંથી આંસુઓ ચાલુ થઇ ગયા. પત્ની કહે તમે રડો નહીં. દીકરો કહે પપ્પા! તમે આંસુ ના પાડો તમારૂં વેર અમે પૂરૂં કરશું.

**દુનિયાના લોકો દુઃખ ઓછું કરવા આંસુ પાડે છે. પ્રભુના ભક્તો પાપ ઓછા કરવા આંસુ પાડે છે. ને આવા'ય લોકો છે જે વેર પૂરૂં કરવા આંસુ પાડે છે.** તો સાંભળો મારા મર્યા પછી **મારી લાશના ટુકડા કરજો ને એ ટુકડાઓ રાતના એકાંત હોય ત્યારે અંધારામાં જઇ તમારા કાકાના કમ્પાઉન્ડમાં દાટી દેજો. 'એકાંત અને અંધકાર પાપના દ્વાર' પાપ એકાંત ને અંધકારમાં જ થતું હોય છે. દીકરાઓ સ્તબ્ધ થઇ ગયા. ત્યાં જ પિતા બોલ્યા બોલો મારી ઇચ્છા પૂરી કરશો કે નહીં, ઓ..રે... મારો જીવ નીકળતો નથી, મને વચન આપો, વચન આપો. દીકરાઓએ બાપના હાથ હાથમાં મૂકી કહ્યું તમારૂં વેર અમે પૂરૂ કરશું... હાશ. હવે હું શાંતિથી મરીશ.**

આટલું બોલતાં બોલતાં તો શેઠે શ્વાસ મૂકી દીધો. દીકરાઓ દુઃખને અફસોસથી ખૂબ રડ્યા. પણ પછી એમણે પિતાનું વચન પૂરું કર્યું. અને એ રીતે કર્યું કે ચારે ભાઇએ કાકાને સમાચાર આપ્યા. કાકા આવ્યા, ચારે ભત્રીજાએ કહ્યું કાકા! વેર પૂરું કરવાનું વચન અમે અમારા પિતાશ્રીના હાથમાં હાથ મૂકી આપ્યું છે, આજે આ વેર પૂરું કરીએ છીએ ને, તમારી ક્ષમા માંગીએ છીએ. કાકા-ભત્રીજા વર્ષો પછી ભેટ્યા, રડ્યા એક નાનકડો ક્રોધ માણસને કેટલી અધમ કક્ષાએ ઊતારી શકે છે એનું આ દૃષ્ટાંત છે.

**'મરતા'ય મારવાના વિચાર કરાવે તેનું નામ ક્રોધ'.** હમણાં જ એક યુવાન અને એની પત્ની આવેલા. યુવાન ખૂબ ગરમ થઇ ગયેલો હતો. એની રડમસ પત્ની કહે, સાહેબજી! એમને સમજાવો. મરવા ને મારવાની રઢ લઇને બેઠા છે. મેં કહ્યું (નામ બદલ્યું છે) રાકેશ! શું થયું? એ કહે બસ આ તમારી પાસેથી સીધો જ જાઉં છું ડોંબીવલી ને એ લોકોનું ખૂન કરી નાખીશ. મેં કહ્યું પણ કેમ? એ કહે મારી પર ખોટો આક્ષેપ કર્યો અને તે'ય છેલ્લી કક્ષાનો. મારી સામે હજુ સુધી કોઇએ આંગળી ચિંધી નથી. મેં મારી જિંદગીમાં, કોઇ નાનો સરખો'ય છાંટો લાગવા નથી દીધો. પૂછો આને... મારા કેરેક્ટર પર આક્ષેપ એ દારૂડીયાઓને, સાહેબજી! નહીં છોડું. અને આ સમજતી નથી એ કહે છે ! એ લોકોને તમે કંઇ કરશો પછી શું થશે? થશે શું? ફાંસી, જેલ એનાથી વધારે શું? હું નહીં જ છોડું અને એણે એક-બે નામ આપ્યા. સાહેબ! આ લોકો ત્યાં પહોંચે જ છે. બાકી હવે વાત પૂરી અને ત્યાં જ એનો મોબાઇલ રણક્યો મારી સામે એણે વાત કરી, મને કહે આ એ જ ગ્રુપનો ફોન છે, એ લોકો તૈયાર છે. હું નહીં છોડું મેં કહ્યું, તારા પરિવારનું પછી શું? એ ભયંકર આવેશમાં હતો એ કહે સાહેબજી! એનો જવાબ મેં એને આજે જ બપોરે આપી દીધો છે, પૂછો એને. અને પછી એ યુવાન જે બોલ્યો, એના ભડકા એટલા ભારે હતા કે આજે'ય આટલા દિવસે'ય દિલ દાઝે છે.

**ક્રોધ માણસને કેટલો હૃદયશૂન્ય બનાવે છે.** એની હદ જેવો જવાબ સાંભળી, અમે સ્તબ્ધ થઇ ગયા. એ કહે સાહેબજી! રીમા મને કહે છે, કાલે ઊઠીને તમને કંઇ થઇ જાય તો અમારું કોણ? મેં રીમાને કહ્યું, એ ચિંતા તારે કરવાની નથી. હું પહેલા તારું, દીકરાનું ને દીકરીનું ખૂન કરી નાખીશ. પહેલા તમને મારી નાખીશ પછી, એ લોકોને મારીશ. પછી મારું જે થવાનું હોય તે થાય. પણ આ નીચ માણસોને નહીં છોડું. બસ, હું જાઉં છું. મે કહ્યું એક મિનિટ ઊભો રહે, એક વાત કહું તે સાંભળ, પછી જા. ને મેં કહ્યું જે માણસોએ તારી ઉપર ખોટો આક્ષેપ કર્યો છે એવા ખોટા માણસોને માટે તું સાચા માણસોને શિક્ષા કરે. એ કંઇ તારી ઊંચાઇ! એ નીચ ભલે રહ્યા પણ તું નીચો કેમ ઊતરે અને જે માણસો તારા નથી એને માટે જે જીવનભર તારા જ છે એને તારાજ ને નારાજ શું કામ કરે.

બીજી એક વાત. રોડ પરથી કૂતરો નીકળે કે રોડ પરથી હાથી નીકળે ગલીનો કૂતરો બંનેને ભસવાનો, પ્રતિક્રિયા કોણ આપે છે? હાથી તો ડિસ્ટર્બ

થયા વગર એને ગણકાર્યા વગર ને એની નોંધે'ય લીધા વગર મસ્તીથી મલપતો, વસ્તીમાંથી પસાર થવાનો. મેં એ યુવાનને કહ્યું, તને સમજાય તો તું સમજી લે. કોઇના શબ્દોથી આપણે શું કામ ખળભળીએ. રસ્તે ચાલતા કદાચ કોઇ મળી જાય ને કહે, તારા મોઢા પર ડાઘ છે. આપણે ડાઘ હોય તો દૂર કરવાનો ન હોય તો કશું જ નથી કરવાનું. યાદ રાખ, **બીજાને ખોટા પાડવામાં આપણો સાચો સમય, ખોટો કરવા જેવો નથી,** એણે ભલે તારી પર આક્ષેપ કર્યો. એના આક્ષેપને કોણ માનશે!! તારી પત્ની જ જો એને નથી માનતી તો બીજા કોણ માનવાનું! તું આ **બધામાં સમય બગાડવા કરતાં તારા કામને પાર પાડવામાં ધ્યાન આપ.** એનો ક્રોધ ધીમે ધીમે ઠંડો પડ્યો. છેલ્લે ઊઠતા કહે, સાહેબજી! ખોટું થઇ જાત. સારું થયું આવી ગયો.

એ તો ગયો, શાંત થઇને પણ સાચી વાત છે કે, ક્રોધ થયા પછી, ક્રોધ ઊતર્યા પછી આપણને'ય ઘણીવાર થતું હોય છે. ખોટું થયું, મારે આમ નો'તું કરવું જોઇતું. મારે આમ નો'તું બોલવું જોઇતું, પણ.. પણ આ બધું તબેલામાંથી ઘોડા નાસી છૂટ્યા પછીની વાત છે. જો કે ક્રોધ કર્યા પછીય જેને પસ્તાવો થાય છે કે ન કર્યો હોત તો સારું. આવો'ય જેને વિચાર આવે છે તે'ય **પ્લસ** છે. આ **પ્લસ** ક્યારેક માણસમાંથી ક્રોધને **માઇનસ કરશે.** બાકી આ વિચારે'ય નહીં આવે ને તે તો પ્લસમાંથી અંતે માઇનસમાં જવાનો જ.

બૃહત્ગચ્છના એક મહાત્માની ક્રોધના અપાયને જણાવતી, બનેલી ઘટના યાદ રાખવા જેવી છે. **રૂદ્રક્ષુલ્લક** એમનું નામ, સરસ તપ-ત્યાગમય જિંદગી પણ, કોઇક સંગના કે સ્વયંના કારણે શિથિલ બની પ્રમાદી બની ગયા. વડીલ મહાત્માઓ હેતભરી હિતશિક્ષા આપે પણ, એ ધરાર અવગણે. એક દિવસ, **રૂદ્રક્ષુલ્લક** મુનિને પ્રમાદ ને ભૂલો બદલ વડીલે શિખામણ આપી. પણ રૂદ્રમુનિ રૂક્ષમુનિ બની ગયા. રૂદ્રમુનિના ક્રોધે રૌદ્રરૂપ ધારણ કર્યું. અને ક્રોધની આગમાં સળગતા એમણે ભયાનક નિર્ણય કર્યો. અને એ ઝેર લઇ આવ્યા અને ઝેર પણ એવું કાતીલ કે આખે આખો ગચ્છ ખતમ થઇ જાય. બધાંય સાધુ મરી જાય. એવું ભયંકર ઝેર એ શોધી શોધીને લઇ આવ્યા. એમનો ગુસ્સો શિખામણ આપનાર પૂરતો ન રહેતા આખા સમુદાય ઉપર આખા ગચ્છ ઉપર ઉતર્યો. બધા જ સાધુને મારી નાખવા એમણે બધાને ઝેર કઇ રીતે પીવડાવવું એ અંગે ખૂબ વિચાર કર્યો.

એક કાળી પળે એમણે પીવાના પાણીમાં અને ગોચરીમાં ઝેર ભેળવી, દીધું અને બધા પાણી પીવે ને ભોજન કરે તેની રાહ જોતા સ્વસ્થાને અસ્વસ્થ થઇને બેઠા. એમને સમય ખૂબ લાંબો લાગવા માંડ્યો. પચ્ચક્ખાણ આવી ગયું. બધા મુનિ ભગવંતોએ પચ્ચક્ખાણ પાર્યું. પાત્રા પડીલેહણ કરી પાણી પીવાની તૈયારી કરી. રુદ્રમુનિની ક્રોધભરી આંખોમાં વેરની હોળી સળગી રહી હતી. એમાં ભડકા વધુ ઊંચે ઊઠ્યા. ગચ્છનાયકના પાત્રમાં નાના બાળ સાધુ-વૃદ્ધ સાધુને જ્ઞાની સાધુ, એના પાતરામાંય પાણી, જોયું હશે છતાંય એમનું હૃદય સ્હેજે'ય પીગળ્યું નહીં. ઉપરથી એમનું હૃદય તો આ લોકો જલ્દી પાણી પીવે એ જ ઇચ્છી રહ્યું હતું. **ક્રોધનું તોફાન દિલના દીવાને ઓલવી નાખે છે.** કૃષ્ણલેશ્યામય બનેલી એમની ચિત્તવૃત્તિઓ માટે વિલંબ અસહય હતો. હસતો રમતો આખો ગચ્છ આખો શ્રમણ પરિવાર થોડી જ વારમાં ઉપાશ્રયમાં તરફડી તરફડીને ભયંકર મોત પામશે એય વિચાર એમને સ્પર્શતો નો'તો.

માણસને ક્રોધ એટલો નિર્દયી બનાવે છે એનો આ નાદર નમૂનો છે. એ મનોમન બોલવા લાગ્યા જલ્દી જલ્દી પીવો પણ.. 'फानुस बनकर जिनकी इफाजत हवा करे वो शमां क्या बुझेगी जिनकी हिफाजत खुदा करे' એ જ ક્ષણે, ભક્તદેવના અવધિજ્ઞાનના ઉપયોગમાં આ આખી ઘટના દેખાઇ એમણે પળના'ય વિલંબ વિના પાણી પીતા તમામને ત્યાં અટકાવી દીધા ને કહ્યું ભગવંત ! આ આહાર પાણી આપ ના વાપરતા. કેમ કે એમાં ભયાનક તાલપુટ વિષ મેળવવામાં આવ્યું છે. શ્રમણ ભક્ત આ દેવતાની વાત સાંભળતા જ બધા જ સાધુ ભગવંતોને ગુરુએ મનાઇ ફરમાવી, લાવેલા આહાર પાણી વાપરવાની. આખો'ય સમુદાય બચી ગયો. ગચ્છ રક્ષા કરનારા એ દેવતાને આચાર્ય ભગવંતે પૂછ્યું, આવું જઘન્ય કનિષ્ઠ અકાર્ય કરનાર કોણ? એ વખતે દેવતાએ કહ્યું રૂદ્રક્ષુલ્લક મુનિ. ગચ્છનાયકશ્રીએ કહ્યું પણ આખા'ય ગચ્છને મારી નાખવા પાછળનું કારણ શું? એ વખતે એ ગચ્છરક્ષક દેવ બોલ્યા, ક્રોધ-તીવ્ર આવેશ.

ગચ્છનાયકશ્રીએ કહ્યું આટલા ભયંકર ક્રોધનું કારણ? દેવતા બોલ્યા, આપના દ્વારા થતી સારણાદિને મુનિઓ દ્વારા અપાતી હિતશિક્ષાઓ એમને જરી'ય ગમતી નો'તી. એમનું પ્રમાદી જીવન, ક્રોધી સ્વભાવ. કોઇનું સાચું કે હિત સાંભળવા તૈયાર નો'તો. બસ આ જ માત્ર એમના આ ક્રોધનું કારણ હતું. બધાએ ખૂબ વિચાર વિમર્શ કર્યા પછી (શાસ્ત્રાજ્ઞા પ્રમાણે) 'સડી ગયેલા પાનને કરંડીયામાંથી બહાર કાઢી દેવામાં આવે, નહી તો એ બીજા પાનને બગાડે. એમ બીજા સાધુ ન બગડે માટે એવા સાધુને સમુદાયમાંથી બહાર મૂકવો.' એવી શાસ્ત્રાજ્ઞાને ધ્યાનમાં લઇ ગચ્છનાયકે સમસ્ત સમુદાયના હિતમાં એ સાધુને તાત્કાલિક ગચ્છની બહાર મૂકી દીધા. એક સ્વભાવદોષ, ક્રોધી સ્વભાવથી મરું ને મારુંની ભાવનાથી સમુદાયથી બહાર મુકાયેલા એ રૂદ્ર ક્ષુલ્લક મુનિને ગુરુએ છેલ્લે હિતશિક્ષા આપી. તો'ય અસરપ્રૂફ બનેલાએ સ્હેજે કંપ્યા નહીં કે ઝૂક્યા નહીં. **ક્રોધ કર્યા પછી'ય પસ્તાવો થાય તે પાત્રતા છે,** ક્રોધ ઉતર્યા પછી દુઃખ થાય તે હૃદયની કુણાશ છે. **પસ્તાવો પ્લસમાં લઇ જઇ શકે,** રૂદ્ર ક્ષુલ્લક મુનિને આનું કોઇ દુઃખ નો'તું થયું. તીવ્ર ક્રોધનું આ રીએક્શન હતું. પછી તો એકલા પડેલા એ પતિત પરિણામી થયા. શ્રમણત્વના શિખરેથી ઠેઠ ખાઇમાં પછડાયા. કાળ વીતતો ગયો. એમને ભયાનક જલોદર થયો, પછી તો રોગોની વણઝાર ચાલી. અસાધ્ય રોગોથી પીડાઇ એ મુનિ, રત્નપ્રભાદિ સાતે નરકોમાં અસંખ્ય વર્ષોની કારમી પીડાઓ સહન કરીને એકેન્દ્રિયાદિમાં અસંખ્ય વર્ષો છેદન-ભેદન-દાહ-ભાર-વહન-ભૂખ-તરસ-ટાઢને વેઠી મનુષ્યના ભવમાં ચંડાલ, ભંગી, ભીલ આદિમાં અસંખ્યાતો કાળ ગુલામી કરી કરીને લોકોના કચરા-પોતા કરી કરીને વિતાવ્યો.

દુર્ભાગ્ય, અપયશ, અવહેલના, રોગ, શોગ, આરોપો, ફાંસી, દરિદ્રતા, આદિ અસંખ્ય દુઃખો સહન કર્યા. કારણ માત્ર એક ક્રોધ. **'ક્રોધની પળને ખાળી શકે તે વર્ષોની પીડાને ટાળી શકે.'** બાકી જે સંબંધોને બાંધતા વર્ષો લાગ્યા હોય છે ને પૂરી મહેનતે જેને જાળવ્યા હોય છે, ઘસાયને પણ સાચવ્યા હોય છે એ સંબંધો ક્રોધ ક્ષણમાત્ર તોડી શકે છે. હા, કચ્છના વિનાશક ભૂકંપની જેમ મકાન બાંધતા વર્ષો લાગે છે, ભૂકંપને તોડતા સેકન્ડો બસ છે. **સંબંધો બનતા વર્ષો લાગે છે. બગાડતા માત્ર બે-ચાર ક્ષણો જ.**

**યાદ રહે, ક્રોધ આવતા દેશવટો લે છે, શાંતિ, ખુશી, સંપ, ઉન્નતિ, પ્રગતિ ને સંપત્તિ...**

મુંબઇ નિવાસી, ઊંચા ખાનદાની પરિવાર વચ્ચે બનેલી ઘટના છે. એક નાનકડા સામાન્ય મુદ્દા ઉપર સહેજ ચડભડ થઇ, ને વાત વધતી ગઇ, અને ત્યાં સુધીનું થયું કે સગા ભાઇને બરબાદ કરવા ઇન્કમટેક્ષમાં ખબર આપી દીધી. પછી તો કોર્ટમાં વકીલોની એક એક હીયરીંગનો પાંચ લાખ રૂપિયાની ફી કે વધુ ફી બંને પક્ષે ચાલુ થઇ ગઇ. દિલ્હીના ચક્કર ને હેરેસમેન્ટનો દોર ચાલુ થઇ ગયો. સગાભાઇને રોડ પર લાવા માટે બધા જ પ્રયત્નો કર્યા. સામાજિક બહિષ્કાર સુધી જઇ આવ્યો ને છેલ્લે એલચી, લવિંગ ને **સુપારી** સુધી હદ પહોંચી ગઇ. એક નાનકડા ક્રોધે આખા'ય પરિવારની ખુશી, સંપ ને ઉન્નતિ ઉપર સ્ટે મૂકી દીધો, આટલું જ થઇને અટકતું નથી. પછી આ ક્રોધ પરિવારમાં વારસારૂપે બાળકો લઇ લે છે **અને ખાનદાની, નાદાનીના હાથે બદનામી ને બરબાદી સાથે અંતિમ શ્વાસ છોડે છે.** એટલે જ, ક્રોધને કોઇપણ ઉપાયે આવતા ટાળવો જોઇએ. બાકી, જે કહે ક્રોધને ટાળવા હું સમર્થ નથી. એણે મહાઅનર્થ માટે તૈયારી રાખવી. સ્ટીયરીંગ પર કાબૂ ન રાખી શકે એણે ડ્રાયવરની સીટ પર ન બેસવું. દુર્યોધનના એક ક્રોધે ૧૦૦ ભાઇઓનો વંશ ઉચ્છેદ થઇ ગયો. શાસ્ત્રો તો ફરમાવે છે એકવારનો ક્ષણમાત્રનો ક્રોધ ક્રોડો વરસના ચારિત્રના ફળને બાળી નાખે છે. ક્રોધની અગ્નિ ફળને જ ખતમ કરે છે. કેમ કે, ક્રોધ મનની પરિણતિને દુષ્ટ બનાવી દે છે. અને દુષ્ટ પરિણતિ શ્રેષ્ઠ ફળને નષ્ટ કરી શકે. ક્ષાયિક સમક્તિના ધણી અને જગધણી પ્રભુવીરના પરમ ઉપાસક, મગધ નરેશ રાજા શ્રેણિક આવતી ચોવીશીમાં તીર્થંકર બનનારું જીવદળ આજે નરકની ૮૪ હજાર વર્ષની કેદમાં છે. કારણ, કારણ માત્ર છેલ્લી ઘડીએ કરેલો ક્રોધ, બગડેલી પરિણતિ.

યાદ રહે **ક્રોધ મતિ બગાડે, ગતિ બગાડે, સ્થિતિ બગાડે, પરિસ્થિતિ બગાડે** માટે જ ઉદયરત્નજીએ લખ્યું, **ક્રોધને કાઢજો ગલે સાહી રે..** કેમ કે **તપ-જપ-કિરીયા બધું જ ફોગટ થઇ જાય એક ક્રોધના પગલે.** ક્રોધમાં માણસ એટલો વિવેકહીન બની જાય કે, કર્તવ્ય-અકર્તવ્યનું ભાન એ ખોઇ બેસે છે. માટે જ **ક્રોધમાં કોઇ નિર્ણય ન લેવો એ નિર્ણય કરી લેવા જેવો છે.** અને આ નિર્ણય જે નથી કરતા તેને એક દિવસ પસ્તાવાનો વારો આવશે જ. ખંધક ઋષિની હત્યા પછી ખબર પડી કે આ તો મારા સાળા છે, પછી ક્રોધમાં લીધેલા નિર્ણય બદલ ભારોભાર પસ્તાવો કરી રાજા ખૂબ રડ્યા. પણ એ બધું વરસાદ વરસી ગયા પછી છાપરા નાખવા જેવું છે. એક **કહેવત** યાદ રાખવા જેવી છે, માણસે બે વાર મોઢું બંધ રાખવું. **એક તો ક્રોધ આવે ત્યારે ને બીજુ પાણીમાં ડૂબતા હોય ત્યારે.** આ કહેવતને જે સાચવે તેની જિંદગી સચવાઇ જશે. બાકી ક્રોધ બરબાદ કરશે, કરશે ને કરશે જ.

**સમરાદિત્ય કથા એકવાર બધાએ વાંચવા જેવી છે.** કેટલાય ભવો સુધી આ ક્રોધે કેવા કેવા હિંસા, હત્યાકાંડ ને હાહાકાર મચાવ્યા, એ વાંચતા આપણા હાજા ગગડી જાય. શાસ્ત્રોમાં તો અસંખ્ય દષ્ટાંતો ક્રોધના વિપાકો ને નુકશાનોને વર્ણવતા છે જ પણ, ઘર ઘરમાં રોજના થતા કંકાસો-કલેશોને ઝઘડાઓ.. તૂટતા સંયુક્ત કુટુંબો, ભાઇ-ભાઇ વચ્ચે બાપે માર્યા જેવા વેર, સાસુ-વહુ-નણંદ-દેરાણી કે ભાઇ-ભાઇ વચ્ચે વ્યાપેલા ઝેર માત્ર ક્રોધને આભારી હોઇ શકે. સેન્ટ્રલી એરકન્ડીશનમાં'ય માણસની કંડીશન ઠીક ન હોય ને. ટી સેટ, ટી.વી. સેટ, ડીનર સેટ, સોફાસેટ,ડાયમંડ સેટથી ભરેલા ઘરમાં બધા અપસેટ કેમ? કારણ માત્ર ક્રોધ.

સુખી જીવન માટે પ્રેમાળ વ્યવહાર જરૂરી છે. પ્રેમાળ વ્યવહાર માટે ક્રોધ જોખમ છે, ક્રોધ પ્રેમનો દુશ્મન છે. **પ્રેમના પંખીને માટે પારધી છે ક્રોધ.** એક તાજેતરમાં બનેલી સત્ય ઘટના. નવી મુંબઇ વાશીની આસપાસ બનેલી આ દુર્ઘટના. આજે'ય એના પાત્રોને જીવતા રીબાવી રહી છે. છાયા નામની ગૃહિણી, કદમ નામનો એનો પતિ, એક દિવસ ઠંડા-ગરમ શાકના કારણે બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઇ, કદમ ને છાયા ખૂબ લડ્યા. કદમ કામ પર ગયો, છાયા ઘરમાં એકલી પડી ને ભયંકર ક્રોધમાં છાયા પોતાના ત્રણે સંતાનોને લઇ ઘરની બહાર નીકળી ગઇ. ભયાનક ગુસ્સામાં એ સ્ટેશન પહોંચી ને જે ટ્રેન આવી એમાં બેસી ગઇ. ટ્રેને સ્પીડ પકડી, બે માસૂમ દીકરીને એક ફૂલ જેવો નાનો દીકરો યશ, ચાલતી ટ્રેન પસાર થતા દશ્યો જોઇ ખુશ-ખુશ થઇ નાચવા લાગ્યા. ત્યાં જ અચાનક છાયાએ, સગી જનેતાએ ફૂલ જેવા યશને ઊંચક્યો, **'માનો હાથ, ધરતીનો જગન્નાથ.'** પણ એ જગન્નાથ આજે ક્રોધનો સાથ લઇ ભયાનક નાગ બન્યો ને એણે યશને બારીમાંથી બહાર ફેંક્યો. ટ્રેનમાં બેસેલા પેસેન્જરો હેબતાઇ ગયા. બધાની આંખો બાહુક બની ગઇ.

અને ત્યાં જ આ બાઇએ બે'ય છોકરીને ઉપાડીને દરવાજા તરફ દોડી, પણ એ પડતું મૂકે એ પહેલા તો ડબ્બાના પ્રવાસીઓએ એને પકડી લીધી. એણે છૂટવા માટે ઘણા ધમપછાડા કર્યા ચીસાચીસ કરી અને છેલ્લે પોલીસ બોલાવી, અંતે કારણ એટલું જ કે ઘરે પતિને વાસી શાક પીરસ્યું. એમાં પતિનો પિત્તો ગયો. એણે પત્નીને ખૂબ ધમકાવી, ઝઘડો થયો. મારઝૂડ થઇ, પત્નીએ પણ બાકી ન રાખ્યું. છેલ્લે ઉગ્ર લડાઇએ બધી જ સીમા વટાવીને છાયા ભયાનક ક્રોધે ભરાઇને ત્રણે બાળકોને લઇ ઘર છોડીને નીકળી ગઇ.

ક્રોધને કોઇપણ હિસાબે વિલંબમાં નાખો. **આપણે એવું કરીએ, ક્રોધ કરતાં પહેલાં કે ક્રોધમાં બોલતાં પહેલા સાત નવકાર ગણવા.** ક્રોધમાં ઘણો બધો ફરક પડી જશે. થોડો વિલંબ નાખો. **અબ્રાહમ લિંકન**ને એના અફસરે જ્યારે કહ્યું કે, મને પેલા અધિકારી પર ખૂબ ગુસ્સો આવ્યો છે હું એને નહિ છોડું. લિંકને કહ્યું નહિ જ છોડતા, પણ તમારે જે કહેવું હોય તે તીખી તમતમતી ભાષામાં એક કાગળમાં લખી દ્યો. પેલાએ ભયાનક મરચા ભરેલો કાગળ લખ્યો ને લિંકનને બતાવ્યો. લિંકન કહે, જોરદાર પેલો સળગી જાય એવો છે. અફસર કહે, બસ હવે એને પોસ્ટ કરું છું. લિંકન કહે, ક્રોધનો કાગળ લખવાનો હોય, પોસ્ટ કરવાનો ન હોય. અને એને ઠંડો પાડી દીધો.

ચાલો આજે સર્વભક્ષી અગ્નિના સ્વરૂપ જેવા ક્રોધને આજથી દૂર કરવા સંકલ્પબદ્ધ થઇએ. બાકી યાદ રહે.. **ક્રોધ સરવાળે તો નુકસાનનો ધંધો છે.** આ ધંધો જેણે જેણે કર્યો છે તે બધા અંતે પાયમાલ થયા છે. બરબાદ થયા છે. દેવાળુ કાઢી દુર્ગતિના મહેમાન થયા છે. એટલે જ ક્રોધનો રોધ કરવા થોડોક બોધ સદ્‌ગુરુથી લઇ સુખ શાંતિની શોધ શરૂ કરીએ.. મળશે જ.. છેલ્લે...

**વિંછીના પૂછડે જેમ ઝેર રહેલું છે એમ.. ક્રોધના છેડે વેર રહેલું છે... ક્રોધના છેડે નુકસાન રહેલું છે..ક્રોધના પડખે તોફાન રહેલું છે...!** □□



# યુવા જગત

સંપાદક : હિતેન શામજી છેડા
(દેશલપુર કંઠી–તારદેવ)

## જૈન સાહિત્ય

પંડિતવર્ય શ્રી ધીરજલાલ ટોકરશી શાહ

**પ્રશ્ન : જૈન સાહિત્યકારોએ યોગના વિષયમાં કંઈ લખ્યું છે?**

**ઉત્તર :** હા. જૈન સાહિત્યકારોએ યોગના વિષયમાં લખ્યું છે અને તેના અંગે સ્વતંત્ર ગ્રંથોની રચના પણ કરેલી છે. દાખલા તરીકે શ્રી હરિભદ્રસૂરિએ **યોગબિંદુ, યોગદષ્ટિસમુચ્ચય** અને **યોગશતક** નામના ગ્રંથો રચેલા છે. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે **યોગશાસ્ત્ર** નામનો ગ્રંથ રચેલો છે અને તેના પર **સ્વોપજ્ઞ વૃત્તિ** રચેલી છે. શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયે **દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા** રચેલી છે. એ રીતે બીજા પણ ઘણા જૈન મહર્ષિઓએ યોગ સંબંધી નાના મોટા ગ્રંથોની રચના કરેલી છે. (**ધ્યાનસાર, ધ્યાનદીપિકા, ધ્યાનવિચાર** આદિ).

**પ્રશ્ન : જૈન સાહિત્યકારોએ અધ્યાત્મના વિષયમાં શું લખ્યું છે?**

**ઉત્તર :** જૈન સાહિત્યકારોએ અધ્યાત્મના વિષયમાં ઘણું લખ્યું છે, જે બધાનો અહીં સ્પષ્ટ વિસ્તૃત ખ્યાલ આપવો મુશ્કેલ છે, તો પણ તેનો કેટલોક ખ્યાલ આવે તે માટે થોડાં નામો આપીએ છીએ. શ્રી ઉમાસ્વાતિ મહારાજે **પ્રશમરતિ પ્રકરણ** રચેલું છે, શ્રી મુનિચંદ્રસૂરિએ **અધ્યાત્મકલ્પદ્રુમ** નામનો ગ્રંથ રચેલો છે, શ્રી હર્ષવર્ધને **અધ્યાત્મબિંદુ**ની રચના કરેલી છે, શ્રી યશોવિજયજી ઉપાધ્યાયે **અધ્યાત્મોપનિષદ્, અધ્યાત્મસાર, અધ્યાત્મપરીક્ષા** અને **જ્ઞાનસાર** નામના ગ્રંથો રચેલા છે. શ્રી વિનયવિજયજી મહારાજે **શાંત સુધારસ** નામનો ગ્રંથ રચેલો છે. તે સિવાય **અધ્યાત્મગીતા, આત્માવબોધ, ચિત્તસમાધિપ્રકરણ, પરમાત્મપ્રકાશ, પરમસુખદ્વાત્રિંશિકા, પરમાનંદપંચવિંશતિકા, સમાધિશતક, સમભાવશતક વગેરે ગ્રંથો પણ રચાયેલા છે.**

**પ્રશ્ન : જૈન સાહિત્યકારોએ દર્શન અને તર્કના વિષયમાં શું લખ્યું છે?**

**ઉત્તર :** તે વિષયના ગ્રંથોની સંખ્યા પણ બહુ મોટી છે. જેમાં મુખ્ય તરીકે શ્રી સિદ્ધસેનદિવાકરકૃત **સન્મતિતર્ક અને ન્યાયાવતાર, શ્રી હરિભદ્રસૂરિકૃત અનેકાંતજયપતાકા, ષટ્દર્શનસમુચ્ચય અને શાસ્ત્રવાર્તાસમુચ્ચય, શ્રી મલ્લવાદીનો દ્વાદશારનયચક્ર, શ્રી હેમચંદ્રાચાર્યની પ્રમાણમીમાંસા, શ્રી વાદિદેવસૂરિનો પ્રમાણનયતત્ત્વલોકાલંકાર, સ્યાદ્વાદરત્નાકર (ટીકાસમેત) શ્રી મલ્લિષેણની સ્યાદ્વાદમંજરી, શ્રી રત્નપ્રભસૂરિની રત્નાકરાવતારિકા અને શ્રી યશોવિજયજી ઉપાધ્યાયના નયોપદેશ, નયરહસ્ય, નયપ્રદીપ, ન્યાયખંડખાદ્ય, ન્યાયાલોક, સ્યાદ્વાદકલ્પલતા, અષ્ટસહસ્રી વગેરેને ગણાવી શકાય.**

**પ્રશ્ન : જૈન સાહિત્યકારોએ વ્યાકરણો લખ્યાં છે?**

**ઉત્તર :** જરૂર જૈન સાહિત્યકારોએ નાનાં મોટાં અનેક વ્યાકરણો લખેલાં છે. જેમ કે **જૈનેન્દ્રવ્યાકરણ, ભોજવ્યાકરણ, મુષ્ટિવ્યાકરણ, બુદ્ધિસાગર વ્યાકરણ, શબ્દાર્ણવ, સિદ્ધસારસ્તવ** વગેરે, તેમાં **હેમવ્યાકરણ કે સિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસન** નામનું વ્યાકરણ ઘણું જ મહાન છે. ભાષાવિશારદોના મતથી આ વ્યાકરણ જેવું બીજું શ્રેષ્ઠ વ્યાકરણ હજી રચાયું નથી. આ વ્યાકરણ પર ૫૩૦૦૦ શ્લોકનો લઘુન્યાસ અને ૮૪૦૦૦ શ્લોકનો બૃહન્યાસ રચાયેલો છે તથા તેના પર નાની મોટી સંખ્યાબંધ વૃત્તિઓ થયેલી છે. ભાષાના ક્ષેત્રમાં જૈનાચાર્યનો આ અમર ફાળો છે.

**પ્રશ્ન : જૈન સાહિત્યકારોએ કાવ્યો લખ્યાં છે?**

**ઉત્તર :** અલબત્ત, એ ક્ષેત્રમાં પણ જૈન સાહિત્યકારોએ પાછી પાની કરેલી નથી. **ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્ર, દ્વયાશ્રય મહાકાવ્ય, ધર્માભ્યુદયકાવ્ય, નરનારાયણાનંદ કાવ્ય, નલાયન મહાકાવ્ય, જૈન મેઘદૂત, નેમિદૂત, પદ્માનંદ કાવ્ય, બાલભારત, રાઘવપાંડવીય, શ્રી શાંતિનાથ મહાકાવ્ય, હીરસૌભાગ્ય કાવ્ય** વગેરે અનેક રસિક કૃતિઓ તેમણે રચેલી છે.

**પ્રશ્ન : જૈન સાહિત્યકારોએ છંદઃશાસ્ત્ર અને અલંકારો પર કંઈ લખ્યું છે?**

**ઉત્તર :** જરૂર. શ્રી હેમચંદ્રાચાર્યે **છંદોનું શાસન** રચ્યું છે, શ્રી રત્નશેખરે **છંદકોષ** રચ્યો છે, શ્રી અમરચંદ્ર કવિએ **છંદોરત્નાવલી** રચી છે, શ્રી જયશેખરે **છંદઃશેખર** લખ્યો છે, તેમજ શ્રી હેમચંદ્રાચાર્યે **કાવ્યાનુશાસન** રચ્યું છે, વાગ્ભટે **અલંકારતિલક** રચ્યો છે, શ્રી નરેંદ્રપ્રભે **અલંકારમહોદધિ** રચ્યો છે, શ્રી માણિક્યશેખરે **અલંકારશેખર** રચ્યો છે, શ્રી વિનયચંદ્રે **કવિશિક્ષા** રચી છે વગેરે વગેરે.

**(અનુસંધાન ૧૦મા પાને)**



# જૈન જાગૃતિ સેંન્ટર -પેડર રોડ દ્વારા યોજાયેલ શ્રી જયંતભાઇ 'રાહી'ના નવકાર જાપ અનુષ્ઠાનમાં માનવ મહેરામણ ઉમટ્યું

**શ્રી જૈન જાગૃતિ સેન્ટર-પેડર રોડ** દ્વારા રવિવાર, તા. ૧૦-૨-૨૦૧૩ના સવારના નવ કલાકે મુંબઇમાં વરલી મધ્યે આવેલ ઇમ્પીરીયલ સભાગૃહમાં નવકારના પરમોપાસક **શ્રી જયંતભાઇ 'રાહી'**ના **નવકાર જાપ અનુષ્ઠાન**નું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જૈન જાગૃતિ સેન્ટર-પેડર રોડના પ્રમુખ અને આપણા બીએમપીપીના ટ્રસ્ટી **શ્રી રસિકભાઇ નાગરદાસ કોઠારી** પ્રતિવર્ષ પોતાની આ સંસ્થાના સભ્યો માટે નવકાર આરાધનાનો આવો વિશિષ્ટ કાર્યક્રમ યોજે છે. તેની સર્વત્ર તારીફ થઇ રહી છે. શ્રી રસિકભાઇ કોઠારી બહુમુખી પ્રતિભા ધરાવે છે. અને તેમની સેવાપરાયણતાની લોકો મુક્તકંઠે પ્રસંશા કરે છે. ગત પર્યુષણ પર્વની પૂર્ણાહુતિ પછી તેમણે તેમના ગ્રુપના ૮૫ સભ્યોને પાવાપુરી, ભેરૂતારક ધામ, જીરાવલા, ભીનમાલ જેવા રાજસ્થાનના પવિત્ર તીર્થસ્થાનોની યાત્રા કરાવી હતી. આ યાત્રામાં તેમણે સભ્યો પાસેથી માત્ર ટ્રાવેલીંગ ચાર્જ લઇને રજવાડી ઠાઠથી અને સઘળી સુવિધાઓની પૂરી કાળજી રાખીને એવી સુંદર યાત્રા કરાવી હતી કે લોકો જીવનભર આવી યશસ્વી અને યાદગાર યાત્રાને ભૂલી શકવાના નથી. આવા અનેક સુકૃત્યો **શ્રી રસિકભાઇ કોઠારી**ના કરકમલ દ્વારા થઇ રહ્યા છે. તેમાંય પ્રતિવર્ષ તેઓ ગ્રુપના સભ્યો માટે **શ્રી જયંતભાઇ 'રાહી'**ના **નવકાર જાપ**નું સુંદર આયોજન કરી સર્વ સભ્યોને નવકાર આરાધનામાં જોડી રહ્યા છે તેની જેટલી સરાહના થાય તેટલી ઓછી છે.

**શ્રી જયંતભાઇ 'રાહી'**એ અહી ઇમ્પીરીયલ સભાગૃહમાં ઉપસ્થિત જૈન જાગૃતિ સેન્ટર-પેડર રોડના ૫૦૦ જેટલા સભ્યોને ભાવપૂર્વક નવકાર જાપ કરાવ્યા હતા. આ નવકાર જાપ ચાર ચરણમાં કરાવવામાં આવ્યા હતા. તેમાં પ્રથમ ચરણમાં **જ્ઞાનમુદ્રામાં ૨૭ જાપ,** બીજા ચરણમાં **સમન્વય મુદ્રામાં ૨૭ જાપ,** ત્રીજા ચરણમાં **પ્રાણ મુદ્રામાં ૨૭ જાપ** અને ચોથા ચરણમાં **શંખ મુદ્રામાં ૨૭ જાપ** મળી કુલ **૧૦૮ નવકાર જાપ**નું આ અનુષ્ઠાન કરાવવામાં આવ્યું હતું. છેલ્લે **વિતરાગ મુદ્રામાં** એક નવકારનો જાપ કરાવી આ જાપ અનુષ્ઠાનની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. આ નવકાર જાપમાં **શ્રી 'રાહી' સાહેબે** વચ્ચે વચ્ચે સુંદર ભક્તિગીતો પ્રસ્તુત કરીને સર્વ આરાધકોને ભક્તિરસમાં તરબોળ કર્યા હતા. નવકાર જાપના આ ચારે ચરણમાં નવકાર યંત્રપૂજાનો લાભ ગ્રુપના સભ્યોએ લીધો હતો. તેમાં પ્રથમ ચરણમાં **શ્રી પરેશભાઇ સુરાણા પરિવારે (મોહન મેટલ),** બીજા ચરણમાં **શ્રી હેમેન્દ્રભાઇ કાપડિયા પરિવારે,** ત્રીજા ચરણમાં **શ્રી બંસીલાલ દલાલ પરિવારે** (હ. કમલ દલાલ) અને ચોથા ચરણમાં **શ્રી અરિવંદભાઇ રાઠોડ પરિવારે** નવકાર યંત્ર પૂજાનો લાભ લીધો હતો. દરેક લાભાર્થી પરિવારે નવકાર યંત્રની અને શ્રી ગજલક્ષ્મીજી યંત્રની વાસક્ષેપથી પૂજા કરી હતી.

નવકાર જાપના ત્રીજા ચરણ પછી યોજાયેલ સન્માન કાર્યક્રમમાં જૈન જાગૃતિ સેન્ટર-પેડર રોડના પ્રમુખ **શ્રી રસિકભાઇ કોઠારી**એ સૌનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે ગ્રુપના સર્વ સભ્યો નવકારની આરાધના કરી શકે તે માટે **શ્રી જયંતભાઇ 'રાહી'**ના નવકાર જાપનું પ્રતિવર્ષ આપણે આયોજન કરીએ છીએ. અને તેને આપ સૌનો જોરદાર પ્રતિસાદ મળી રહ્યો છે તેની પ્રતીતિ આપ સૌની આટલી મોટી વિશાળ હાજરી જોઇને થાય છે. નવકારની આરાધના દ્વારા આપ સૌ આપનું જીવન સાર્થક કરો એવી અમારી આ તકે શુભેચ્છા છે.

**શ્રી જયંતભાઇ 'રાહી'**એ આ પ્રસંગે **શ્રી રસિકભાઇ કોઠારી** અને તેમના ગ્રુપના સર્વ સભ્યોને તેમની આવી સુંદર નવકાર નિષ્ઠા બદલ ધન્યવાદ આપ્યા હતા. અને સભ્યોને નવકારાભિમુખ બનવા હિમાયત કરી હતી. બીએમપીપીના ચેરમેન **શ્રી દલપતભાઇ મલ્લેશા**એ પોતાના વક્તવ્યમાં કહ્યું હતું કે પ્રતિવર્ષ જૈન જાગૃતિ સેન્ટર-પેડર રોડ દ્વારા આવા સુંદર નવકાર જાપ અનુષ્ઠાનનું આયોજન થાય છે તે આપ સૌની ધર્મ જાગૃતિનું પરિણામ છે. આ માટે **શ્રી રસિકભાઇ કોઠારી** અને આપ સૌ એટલા જ અભિનંદનના અધિકારી છો. બીએમપીપીના પ્રમુખ **શ્રી રમેશભાઇ સોની**એ ગ્રુપના સભ્યો માટે **શ્રી 'રાહી' સાહેબ**ના નવકાર જાપને આવકારી સર્વ જીવોના કલ્યાણ માટે આવી સરસ નવકારની આરાધના કરાવનાર **શ્રી 'રાહી' સાહેબ**ને અને ઉપસ્થિત સર્વ આરાધકોને નતમસ્તકે પ્રણામ કર્યા હતા. શ્રી નમિનાથ જિનાલયના ટ્રસ્ટી અને બીએમપીપીના ટ્રસ્ટી **શ્રી પ્રવીણભાઇ શાહે** શ્રી રસિકભાઇ કોઠારીની ધર્મભાવના અને નવકાર પ્રીતિની તારીફ કરવાની સાથે આવા કાર્યક્રમના આયોજન દ્વારા પુણ્યનાનુબંધી પુણ્ય પ્રાપ્ત કરનાર **શ્રી રસિકભાઇ**ને, ગ્રુપના સર્વ અધિકારીઓને અને સર્વ સભ્યોને અંતરથી અભિનંદન આપ્યા હતા.

આ પ્રસંગે જૈન જાગૃતિ સેન્ટર-પેડર રોડના પદાધિકારીઓ **શ્રી રસિકભાઇ કોઠારી, દિલીપભાઇ શાહ, રાજેશભાઇ શાહ, મુકેશભાઇ ઝવેરી, મહેન્દ્રભાઇ ભરવાડા, પ્રકાશભાઇ મેપાણી** વગેરે દ્વારા **શ્રી જયંતભાઇ 'રાહી'**નું તિલક કરી સન્માન કરાયું હતું. જાપના સર્વ લાભાર્થી પરિવારનું અને ઉપસ્થિત મહાનુભાવોનું તિલક કરી, શ્રીફળ, માળા, શાલ અર્પણ કરી અભિવાદન કરાયું હતું. આ પ્રસંગે **શ્રી જયંતભાઇ 'રાહી'**ના સાધર્મિક ઉત્કર્ષ અભિયાનમાં જૈન જાગૃતિ સેન્ટર-પેડર રોડ તરફથી રૂા. ૫૧૦૦૦/- નું અનુદાન જાહેર કરાયું હતું. તેમજ ગ્રુપના ઘણા સભ્યોએ આ સમ્યક્ કાર્યમાં અગિયાર-અગિયાર હજારનું અનુદાન ઘોષિત કર્યું હતું.

**– ચીમનલાલ કલાધર**



# જૈન જાગૃતિ સેંન્ટર-પેડર રોડ દ્વારા યોજાયેલ શ્રી જયંતભાઈ 'રાહી'ના નવકાર જાપ અનુષ્ઠાનની તસ્વીરી ઝલક



















(૧) નવકાર જાપ કરાવી રહેલા શ્રી જયંતભાઈ 'રાહી'. (૨) નવકારજાપમાં ઉપસ્થિત આરાધકોનું સ્વાગત કરી રહેલા જૈન જાગૃતિ સેન્ટર-પેડર રોડના પ્રમુખ શ્રી રસિકભાઈ કોઠારી. મંચ પર તેમની સાથે રમેશભાઈ સોની, પ્રફુલ્લભાઈ ફૂરિયા, કમલ દલાલ, રાજેશભાઈ શાહ, દિલીપભાઈ શાહ, મુકેશભાઈ, વિરેન્દ્ર વોરા વગેરે જણાય છે. (૩) જૈન જાગૃતિ સેન્ટરના સભ્યોને પ્રતિવર્ષ આવી સામૂહિક નવકાર આરાધનાનો કાર્યક્રમ રાખવા બદલ અભિનંદન આપતા બીએમપીપીના અને શ્રી નમિનાથ જિનાલયના ટ્રસ્ટી શ્રી પ્રવીણભાઈ શાહ. મંચ પર તેમની સાથે રસિકભાઈ કોઠારી, પ્રફુલ્લભાઈ ફૂરિયા વગેરે દૃષ્ટિગોચર થાય છે. (૪) શ્રી જયંતભાઈ 'રાહી'નું તિલક કરી સન્માન કરી રહેલા શ્રી પ્રફુલ્લભાઈ ફૂરિયા, રાજેશભાઈ શાહ, મુકેશભાઈ ઝવેરી, મહેન્દ્રભાઈ ભરવાડા, પ્રકાશભાઈ મેપાણી વગેરે જણાય છે. (૫) બૃહદ્ મુંબઈ પંચ પરમેષ્ઠી પરિવારના મહિલા વિભાગના પ્રમુખ શ્રીમતી દીનાબેન છેડાનું અભિવાદન કરતાં શ્રીમતી સુશીલાબેન રસિકભાઈ કોઠારી. (૬) આ નવકાર જાપમાં ઉપસ્થિત રહેલ જૈન જાગૃતિ સેન્ટર-પેડર રોડનો વિશાળ સમુદાય.

શુભેચ્છક

**શ્રી નમિનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ**

વિજયવલ્લભ ચોક, પાયધુની, મુંબઈ-૪૦૦ ૦૦૩. ફોન : ૨૩૪૩ ૨૭૫૫



# માતુશ્રી દેવકાંબેન ખેતશી ખીમરાજ દેઢિયા પરિવારના આર્થિક સહયોગથી શ્રી ગજલક્ષ્મી માતાના લેમિનેટેડ ફોટાઓનો લોકાર્પણ કાર્યક્રમ સાનંદ સંપન્ન

નવકાર મંત્રના પરમોપાસક **શ્રી જયંતભાઇ 'રાહી'**એ તા. ૧૨-૧૨-૧૨ના ટીપટોપ પ્લાઝામાં નવકાર જાપ કરાવ્યા તે વેળાએ આ જાપમાં તેમના દ્વારા સર્વ પ્રથમવાર **શ્રી ગજલક્ષ્મી માતાનું પૂજન** ઉપસ્થિત વિશાળ સમુદાયને કરાવવામાં આવ્યું. શ્રી ગજલક્ષ્મી માતાનું આ ચિત્ર **શ્રી 'રાહી' સાહેબ**ના માર્ગદર્શન મુજબ **શ્રી સોમચંદભાઇ લોડાયા**એ ખૂબ જ જહેમત ઉઠાવી કમ્પ્યૂટરની મદદથી તૈયાર કરાવ્યું. શ્રી ગજલક્ષ્મી માતાજીનો આ ફોટો પ્રાપ્ત કરવા અને તેના પૂજનની માહિતી મેળવવા સંખ્યાબંધ લોકોની પૂછપરછ આવવા લાગી તેથી **માતુશ્રી દેવકાંબેન ખેતશી ખીમરાજ દેઢિયા પરિવાર (કચ્છ કોડાય-બોરીવલી) હ. નેમચંદભાઇ દેઢિયા અને દામજીભાઇ દેઢિયા (દેઢિયા ગ્રુપ બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ)**ના ઉષ્માભર્યા આર્થિક સહયોગથી તેમના તરફથી શ્રી ગજલક્ષ્મી માતાના લેમિનેટેડ ફોટા અને ફોટોફ્રેમ બનાવી રવિવાર, તા. ૧૦-૦૩-૨૦૧૩ના શ્રી નમિનાથજી જિનાલયના નવકાર જાપ અનુષ્ઠાનમાં તેનું લોકાર્પણ **શ્રી દેઢિયા પરિવારના શ્રી દામજીભાઇ, શ્રીમતી હેમલતાબેન** વગેરે સભ્યોના કરકમલ દ્વારા કરવામાં આવ્યું અને શ્રી ગજલક્ષ્મી માતાના લેમિનેટેડ ફોટાઓ જાપમાં પધારેલ દરેક આરાધકોને નિઃશુલ્ક આપવામાં આવ્યા. શ્રી ગજલક્ષ્મી માતાના આ ફોટાના લોકાર્પણ કાર્યક્રમમાં **શ્રી 'રાહી' સાહેબ**નું તિલક કરીને **દામજીભાઇ, હેમલતાબેન** વગેરેએ સન્માન કર્યું. અને શ્રી ગજલક્ષ્મી માતાની ફોટોફ્રેમ તેમને ભાવપૂર્વક અર્પણ કરી.**પૂ. 'રાહી' સાહેબે** શ્રી ગજલક્ષ્મી માતાના ફોટાઓ તૈયાર કરાવી આરાધકોને તેનો લાભ આપવાની દેઢિયા પરિવારની ઉચ્ચત્તમ ભાવનાને બિરદાવી તેમને શત શત ધન્યવાદ આપ્યા. શ્રી નમિનાથ જિનાલયના ટ્રસ્ટી **રસિકભાઇ કોઠારી**એ ઉપસ્થિત સર્વ આરાધકોનું સ્વાગત કરવાની સાથે આ નવકાર જાપનો અમૂલ્ય લાભ લેનારા વિશાળ સમુદાયને હાર્દિક અભિનંદન આપ્યા. બીએમપીપીના ચેરમેન **શ્રી દલપતભાઇ મહ્લેશા**એ કાર્યક્રમની ભૂમિકા સમજાવી. બીએમપીપીના ઉપપ્રમુખ **સોમચંદભાઇ લોડાયા**એ શ્રી ગજલક્ષ્મી માતાનું આ ચિત્ર કંઇ રીતે તૈયાર કરવામાં આવ્યું અને તેના પૂજનનો શો મહિમા છે તેની વિસ્તૃત રૂપરેખા આપી. કાર્યક્રમનું સંચાલન બીએમપીપીના માનદ્ મંત્રી **હિતેનભાઇ છેડા**એ સરસ રીતે કર્યું. આમ ખૂબ જ આનંદ અને ઉલ્લાસના વાતાવરણમાં આ વિરલ કાર્યક્રમની પૂર્ણાહુતિ થઇ.

– માનદ્ મંત્રીઓ, બૃહદ્ મુંબઇ પંચ પરમેષ્ઠી પરિવાર



(૧) નવકાર જાપ કરાવી રહેલ શ્રી જયંતભાઇ 'રાહી'. (૨) શ્રી ગજલક્ષ્મી માતાના લેમિનેટેડ ફોટાઓનું લોકાર્પણ કરી રહેલ દામજીભાઇ દેઢિયા, રસિકભાઇ કોઠારી અને બીએમપીપીના અધિકારીઓ. (૩) શ્રી ગજલક્ષ્મી માતાના લેમિનેટેડ ફોટાઓના દર્શન કરાવી રહેલ દામજીભાઇ દેઢિયા પરિવારના સભ્યો, બીએમપીપીના ચેરમેન દલપતભાઇ મહ્લેશા અને અન્યો. (૪) શ્રી દામજીભાઇ દેઢિયાનું સન્માન કરી રહેલા બીએમપીપીના ચેરમેન શ્રી દલપતભાઇ મહ્લેશા. (૫) શ્રીમતી હેમલતાબેન દામજી દેઢિયાનું સન્માન કરી રહેલ બીએમપીપીના મહિલા વિભાગના પ્રમુખ શ્રીમતી દીનાબેન છેડા.(૬) નવકારમંત્રની ફ્રેમ સ્મૃતિ રૂપે શ્રી દામજી દેઢિયા પરિવારને અર્પણ કરતા રસિકભાઇ કોઠારી, દિનેશભાઇ શાહ વગેરે.

મુદ્રક અને પ્રકાશક : બૃહદ્ મુંબઇ પંચ પરમેષ્ઠી પરિવાર, ૩૦૧, શ્વેશ હાઉસ, ત્રીજે માળે, ૭૫, સેકન્ડ લેન, હિન્દુ કોલોની,
ભગિની સમાજ સામે, દાદર (પૂર્વ), મુંબઇ-૪૦૦ ૦૧૪. ફોન : (૦૨૨) ૬૫૨૫૭૮૩૯/૩૨૧૬૪૨૪૩
મુદ્રણસ્થાન : રાજુલ આર્ટસ્, ઘાટકોપર (ઇ), મુંબઇ-૪૦૦૦૭૭. ફોનઃ ૨૫૦૧૦૦૫૬, ૯૭૬૯૭૯૧૯૯૦. E-mail: rajul.arts@yahoo.com